
# ચીકુ

સોનલ પરીખ





ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 20

શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર ! : 1

# ચીકુ

**(શાશ્વત પ્રેમ અને ઉલ્લાસભર્યા આનંદની સત્ય કથા)**


લેખક

**સોનલ પરીખ**


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
અમદાવાદ

**પરીખ, સોનલ**

**ચીકુ,** સોનલ પરીખ – મુંબઈ :

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન, 2021. 6 + 58 પૃ., સેમી. 21 × 14.

(શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર : 1)

ISBN : 978-93-83975-24-2

DDC : 891.473

1. કિશોર કથા

**Chiku**

by Sonal Parikh

Published by Gujarat Vishvakosh Trust

Ahmedabad - 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**પ્રકાશક**

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,** રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી પાસે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-380013. ફોન : 2755 1703

Email : vishvakoshad1@gmail.com o website : www.vishwakosh.org

કિંમત : 50/- □ પહેલી આવૃત્તિ : 2014 □ પૃષ્ઠસંખ્યા : 8 + 56

□

મુદ્રક

**ભગવતી ઑફસેટ,** 12/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380004

□

મુખ્ય વિક્રેતા

**ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

□

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

# પ્રકાશકીય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી વિશ્વકોશની રચનાનું અભિયાન સાકાર કર્યું છે. એના પચીસ ગ્રંથોનું પ્રકાશન થઈ ચૂક્યું છે. એ ઉપરાંત ગુજરાતી વિશ્વકોશના પ્રથમ સાત ગ્રંથોની નવી સંવર્ધિત આવૃત્તિ પણ પ્રસિદ્ધ થઈ છે અને હવે પછી અન્ય ગ્રંથોની સંવર્ધિત આવૃત્તિઓ તૈયાર કરવાનું કાર્ય અવિરત ચાલ્યા જ કરશે. આનંદની વાત તો એ છે કે બાળવિશ્વકોશનાં સુંદર રંગીન ચિત્રો સાથે પાંચ ખંડ પણ પ્રકાશિત થઈ ચૂક્યા છે. બાળવિશ્વકોશના છઠ્ઠા ખંડની સાથોસાથ ચરિત્રકોશ અને પરિભાષાકોશ તૈયાર કરવાની કામગીરી પણ પુરજોશમાં ચાલે છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની એક આગવી વિદ્યાકીય પ્રવૃત્તિ છે – જુદી જુદી ગ્રંથશ્રેણીઓ દ્વારા મહત્વના લોકોપયોગી વિષયો પર પ્રમાણભૂત, સર્વગ્રાહી અને અભ્યાસીઓને ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન. અત્યારે જુદી જુદી સાત ગ્રંથશ્રેણીઓ દ્વારા સંશોધકો અને અભ્યાસીઓને ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન થઈ રહ્યું છે.

ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના વિષયોને અનુલક્ષીને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ શ્રેણીઓ દ્વારા પુસ્તક પ્રકાશન થાય છે. આમાં અત્યાર સુધીમાં 68 પુસ્તકો પ્રકાશિત થયાં છે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે બાળસાહિત્ય અને કિશોરસાહિત્ય પ્રગટ કરવાનો પણ ઉપક્રમ રાખ્યો છે, જેથી બાળકો અને કિશોરોમાં ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ જાગે અને તેમની સર્જકતા ખીલે. વિશ્વકોશે 'કીડી-કુંજર કરે કમાલ' નામનો શ્રી અંજના ભગવતીએ લખેલો બાળવાર્તાઓનો સંગ્રહ પ્રકાશિત કર્યો. શ્રી ધીરુબહેન પટેલ દ્વારા આ કાર્યમાં વિશેષ સહયોગ પ્રાપ્ત થતાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે વિજ્ઞાનકથાની કાર્યશિબિર અને એક 40,000 થી 50,000 શબ્દોમાં કિશોરકથા લખવાની સ્પર્ધા યોજી છે, જેને હૂંફાળો પ્રતિસાદ મળ્યો છે. હવે જાણીતા લેખિકા સોનલ પરીખનું પુસ્તક 'ચીકુ' પ્રગટ

કરીએ છીએ, જેમાં પાળેલા કૂતરા ચીકુની સ્મૃતિઓનો સુંદર આલેખ આપ્યો છે. શાશ્વત પ્રેમ અને ઉલ્લાસભર્યા આનંદની પ્રાણીજીવનની સત્યકથા એમણે પોતાની આગવી શૈલીથી આલેખી છે.

ચીકુના રમતિયાળ વ્યક્તિત્વને લેખિકાએ સુંદર રીતે ઉપસાવ્યું છે, એથીયે વિશેષ ચીકુની ઝીણામાં ઝીણી વિગતોને શબ્દમાં કંડારી છે. ચીકુના આગમનથી એમના ઘરના વાતાવરણમાં જ પરિવર્તન આવતું નથી, પરંતુ સમગ્ર જીવનમાં પણ પરિવર્તન આવે છે. ચીકુ એમને જિંદગી પ્રત્યેનો નવો અભિગમ શીખવે છે. આ સઘળી ઘટનાઓનું માર્મિક અને ચિત્રાત્મક વર્ણન અહીં કર્યું છે. આ વિશેષ પ્રકારનું પુસ્તક પ્રગટ કરતાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આનંદ અનુભવે છે.

આશા રાખું છું કે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં બીજાં પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ સહૃદયોનો આવકાર મળશે.

**કુમારપાળ દેસાઈ**

# વહાલનું વરદાન

તસવીરો, સ્મૃતિઓ અને વાતો - ઝોળી એમ તો ભરેલી છે. પણ ચીકુનું સ્ફૂર્તિ અને આનંદથી ઊછળતું પોચું-સુંવાળું શરીર, અમારી ઉપર કૂદી પડે ત્યારે સંભળાતા તેના શ્વાસોચ્છ્વાસ ને ધબકારા, નાનકડી, ગોળ વળેલી પૂંછડીનું પટપટ-વું, તેની ચપળ રમતો, પ્રેમ આપવાની તેની ખાસ રીત, તેનું ઘર ગજવતું ભસવાનું, પૂરઝડપે દોડાદોડી કરતી વખતે ટાઇલ્સ પર અથડાતા તેના નખના નાના નાના અવાજ, ઘણું બધું કહેતી ને કુતૂહલથી ચમકતી રહેતી તેની સુંદર આંખો, ભોળિયો ચહેરો - ચીકુનું પ્રસન્ન ચૈતન્ય શબ્દોમાં કે ફોટોગ્રાફ્સમાં સમાવવું અશક્ય છે.

તો પછી આ પુસ્તક શા માટે ?

આ પુસ્તક અમારી એ પ્રતીતિને વ્યક્ત કરવા માટે છે કે સ્મૃતિઓનું પણ એક સત્ય હોય છે. જે પ્રિય છે, તે ચાલ્યું ગયું હોવા છતાં સાથે હોઈ શકે છે. આ પ્રતીતિ, આ પ્રેમ જ ક્ષણભંગુર જિંદગીને શાશ્વતીનો સ્પર્શ આપે છે.

વહાલનું આવું વરદાન સૌને મળો.

**સોનલ પરીખ**

# અનુક્રમ


| | | |
|---|---|---|
| 1. | તૈયારી | 9 |
| 2. | ફર્સ્ટ એન્કાઉન્ટર | 15 |
| 3. | ઘર | 19 |
| 4. | મસ્તી | 23 |
| 5. | તોફાન | 30 |
| 6. | દાદાગીરી | 37 |
| 7. | વળાંક | 42 |
| 8. | વિદાય | 47 |

# ચીકુ

❏

સોનલ પરીખ



# 1

# તૈયારી

અમારા જીવનમાં ચીકુના આગમનનું વર્ષ કયું હતું ?

1996 એક રીતે. બીજી રીતે 1997.

અમે એટલે ભારતનો એક ટિપિકલ મધ્યમવર્ગી પરિવાર. અનેક સમસ્યાઓ હોય, પૈસાની ખેંચ હોય, ઘરનું વાતાવરણ તંગ રહેતું હોય અને તેમાં ફૂલ જેવાં બાળકો ઊછરતાં હોય. તેમને ભણાવવાનાં અને આનંદમાં રાખવાનાં હોય.

ભારતમાં અને ત્રીજા વિશ્વના બીજા દેશોમાં લાખો પરિવાર આનાથી ઘણી બદતર સ્થિતિમાં જીવે છે તે હું જાણતી હતી. અમારી પાસે તો એમ તો ફ્લૅટ હતો, ભલે ખેંચાખેંચ કર્યા બાદ, પણ ખાવા-ભણવાનો ખર્ચ નીકળી જતો હતો. બાળકોની સામે અમારા ઝઘડા ન થાય તેનું અમે પતિપત્ની ધ્યાન રાખતાં હતાં. છતાં વાતા-વરણ બરાબર તો ન હતું. ઘરની દીવાલો એક અદશ્ય ઉદાસીથી ધ્રૂજતી રહેતી, એક વજનદાર ખામોશીથી હાંફ્યાં કરતી.

રચના-ગૌરવને આ વાતાવરણમાં સલામત કેમ રાખવાં એ મારી મુખ્ય ચિંતા હતી. 10 વર્ષનો ગૌરવ અને 13 વર્ષની રચના પોતાની ઉંમર કરતાં ઘણું વધારે સમજતાં હતાં. પોતાની રીતે આમાં ગોઠવાવા પ્રયત્ન પણ કરતાં હતાં. પણ એમની ઉંમર ઘણી નાની હતી. કુમળા મન પર આ જાતનો બોજ હોવો જોઈએ નહીં તે હું સમજતી હતી.

મને યાદ આવતો સિલ્કી હતી ત્યારનો સમય. 1988થી 1994 સુધીનો સમય. સિલ્કી લ્હાસા એપ્સો પ્રકારની માદા કૂતરી હતી. નાનું કદ, ખૂબ લાંબા આંખોને પણ ઢાંકી દે તેવા વાળ, સફેદ રંગ, તિબેટની ઉમદા બ્રીડ. ગૌરવની 2થી 9 વર્ષની ઉંમર અને રચનાની 5થી 12 વર્ષની ઉંમર દરમિયાન સિલ્કી અમારી સાથે હતી. હું જોતી કે એની સાથે તોફાનમસ્તી કરવામાં બંનેને ખૂબ આનંદ આવતો. બીજું બધું – ભણવાનું દુઃખ પણ ભુલાઈ જતું. તે વખતે ભણવાનું ને હોમવર્ક કરવાનું દુઃખ સૌથી મોટું હતું. બીજા અભાવોથી તેઓને દૂર રાખી શકાતાં, સમજાવી દઈ શકાતાં કેમ કે તેઓ નાનાં હતાં. ક્યારેક જરૂરી વસ્તુ ન આપી શકાઈ હોય કે ઘરનું વાતાવરણ બરાબર ન હોય ત્યારે સિલ્કીની હાજરીથી બધું ઝડપથી ઠીક થઈ જતું.

સિલ્કી અમને ચારેને ખૂબ વહાલી હતી. તેને અમે લાડથી સાચવતાં. પણ અત્યારે મને લાગે છે કે પ્રાણીને પાળવું હોય તો પ્રેમની સાથે જે એક વૈજ્ઞાનિક સમજ હોવી જોઈએ તે ત્યારે અમારી પાસે ઓછી હતી. એ ગાળામાં રચુ-ગૌરવ ઘણાં નાનાં હતાં. પુષ્કળ કામ રહેતું. પ્રસંગોપાત્ત સિલ્કીને લઈને દેશમાં જવાનું થતું. આ બધામાં તેને જેનો અધિકાર હતો અને અમારી જે જવાબદારી હતી તે કાળજી, તે પ્રેમ એને ઓછાં મળ્યાં. તેના ગયા પછી આ દુઃખ હંમેશાં મારા મનમાં રહ્યું છે.

1994માં કે 1995માં એ ચાલી ગઈ.

તે જ વર્ષે મારા સસરા - રચુ-ગૌરવના દાદા ખૂબ હેરાન થઈ મૃત્યુ પામ્યા. લગભગ છ મહિના ઘણી મુશ્કેલીના હતા.

મેં જોયું કે રચના-ગૌરવને આ બધું ભારે પડી રહ્યું છે. શું કરું – શું કરું તો બંને ખુશખુશાલ રહે ? ઘરનું વાતાવરણ પ્રસન્ન અને પ્રેમભર્યું હોવું જોઈએ, તે ઉત્તમ રસ્તો હતો. પણ ઘણા પ્રયત્નો છતાં પ્રસન્નતા ખૂટી જતી હતી. પ્રેમ મોકળાશથી વહી શક્તો ન હતો. બંને થોડાં સમજણાં થયાં હતાં એ વધુ મુશ્કેલી હતી. એટલે જ મને એ સમય બહુ યાદ આવતો જ્યારે સિલ્કી હતી. તેની સાથેની ધમાલ, મસ્તી, તોફાન, વહાલ રચના-ગૌરવને કેટલાં હળવાં અને ખુશ રાખતાં ! મા તરીકે હું તેમને માટે જીવ આપવા તૈયાર હોઉં તો પણ નિર્દોષ આનંદની આવી દુનિયા રચી આપવાની કંઈ મારી તાકાત ન હતી.

આવી દુનિયા કોણ રચી આપી શકે ?

વહાલસોયું પાળેલું પ્રાણી.

એટલે 1996ની શરૂઆતના મહિનાઓમાં અમે ડૉ. દીવાનનો સંપર્ક કર્યો. ડૉ. દીવાન સિલ્કીના ડૉક્ટર હતા. તેમને જણાવ્યું કે અમારે એક ગલૂડિયું લેવું છે.

ક્રોફર્ડ માર્કેટમાં પ્રાણીઓ - પક્ષીઓની બજાર છે. ત્યાંથી ગમે ત્યારે કૂતરાં-બિલાડાં - સસલાં - કાચબા - પોપટ - લવબર્ડ્ઝ કંઈ પણ ખરીદી શકાય. પણ

ત્યાં પ્રાણીઓને સરખાં સાચવતાં નથી. મોટે ભાગે તેઓ કોઈ ને કોઈ રોગનો ભોગ બનેલાં હોય છે. અમે આવો અનુભવ એક વાર લઈ ચૂક્યાં હતાં. એક સુંદર ગલૂડિયું લાવેલાં ને થોડા જ દિવસમાં તે મરી ગયેલું. તે વખતે તેની સારવાર કરતા ડૉક્ટરે કહ્યું હતું કે પ્રાણી પાળવું હોય તો આવી જગાએથી નહીં, પણ કોઈ ડૉક્ટર દ્વારા કે કોઈ જાણીતાના ઘરમાં વ્યવસ્થિત રીતે જન્મેલું હોય તેવું જ પ્રાણી લેવું અને ડૉક્ટરના માર્ગદર્શનથી જ ઉછેરવું.

* * *

'શું, બચ્ચાંઓ, નાનું ગલૂડિયું લેવું છે આપણે ?' સાંભળીને રચના-ગૌરવ આનંદથી કૂદી પડ્યાં. 'હા, હા !' 'ક્યારે લાવીશું ?'

'એને સારી રીતે સાચવવાનાં હોઈએ તો જ લવાય.'

'સાચવીશું ને... '

'એની જરૂરિયાત, એનો આનંદ, એની તંદુરસ્તી એ આપણી જવાબદારી થઈ જાય.'

બંને ડાહ્યાં થઈને બેઠાં. મેં કહ્યું, 'સિલ્કીને આપણે વહાલ ઘણું કરતાં, પણ એને વધારે વ્યવસ્થિત, વધારે સિસ્ટમેટિકલી સાચવવાની હતી. તેની બાબતમાં આપણે થોડું ચૂક્યાં. એટલે કે હું થોડું ચૂકી – તમે બંને તો નાનાં હતાં. એટલે હવે મને થાય છે કે આપણી રીતે આપણી પૂરી તૈયારી હોય તો જ કોઈ પ્રાણીને પાળવું. શું કહો છો ?'

બંનેએ એકબીજા સામે જોયું. 10 વર્ષ અને 13 વર્ષ એટલી નાની ઉંમર નથી કે આ વાત ન સમજાય.

'શું લાગે છે. આ રીતે સચવાશે ?'

'હા.'

'તો પછી ડૉ. દીવાનને કહીએ ?'

'કેમ ડૉ. દીવાનને ? ક્રાફર્ડ માર્કેટમાંથી નહીં ?'

'ત્યાંનાં પ્રાણીઓ તંદુરસ્ત ન હોવાની પૂરી શક્યતા છે. આપણે એક અનુભવ તો કર્યો. હવે ડૉ. દીવાનને અને દહીસરના બીજા એક ડૉ. કુલકર્ણીને કહી રાખીએ. કોઈ પાળેલી કૂતરીને બચ્ચાં આવ્યાં હશે તો આપણને કહેશે. વાત કરું ?'

'પણ એમ તો કોણ જાણે ક્યારે ઘરમાં ગલૂડિયું આવે...' એ બંનેની ધીરજ રહેતી ન હતી.

'જ્યારે આવે ત્યારે. આપણે રાહ જોઈશું.'

આ હતું ચીકુના આગમન પહેલાંનું, તેને માટે તૈયાર થઈ રહેલા વાતાવરણનું

નાનું શું બીજ.

રચના-ગૌરવ કલ્પનાની પાંખે ઊડવા લાગ્યાં હતાં. 'તેને માટે બાસ્કેટ લાવીશું, પીંક.' રચના બોલી, 'ના, વ્હાઇટ' વિરોધ ન કરે તો નાનો ભાઈ શાનો ?' ત્યાર પછી બાસ્કેટ કયા ખૂણામાં મૂકવી, કોની સાથે ગલૂડિયાને સુવડાવવું, આવી ઘણી બાબતો પર જોરદાર ઝઘડા થયા. થોડી મારામારી થઈ. બંનેને નૉર્મલ થયેલાં જોઈ મને પણ સારું લાગ્યું. એ દિવસોમાં 'મારામારી કરશો તો ડૉ. દીવાનને ફોન નહીં કરું.' એ તેમને શાંત કરનારું સૌથી સચોટ વાક્ય હતું.

બંને ડૉક્ટરને ફોન કર્યા. ડૉ. દીવાનની જાણમાં કોઈ બચ્ચાંવાળી પાળેલી કૂતરી હતી નહીં. ડૉ. કુલકર્ણીએ બે બચ્ચાં બતાવ્યાં જે અમને ગમ્યાં નહીં.

ઠરીને, દુભાઈને રચના-ગૌરવ બેઠાં, ત્યાં એક દિવસ ડૉ. દીવાનનો સામેથી ફોન આવ્યો, 'એક ફિમેલ ડૉગ હૈ. પ્રેગનન્ટ હૈ. બચ્ચે આને મેં દો મહિને લગેંગે. આપ કો ચાહિયે તો મૈં બાત કરતા હૂં.'

'પર બચ્ચે કૈસે દિખેંગે, હેલ્ધી હોંગે યા નહીં, વો કૈસે સમજેગા ?'

'મૈં હૂં ના. પ્રેગનન્ટ હૈ વો ડૉગ બડી સુંદર હૈ. ઉસકા બાપ રૂડોલ્ફ કોન્ટેસ્ટ વીનર હૈ. પોમરેનિયન બ્રીડ હૈ. ક્રિશ્ચન ફેમિલીમેં દોનોં અચ્છે સે પલે હૈ. બચ્ચે બરાબર હી હોંગે. ફિર ભી આપ દેખને કે બાદ હી ખરીદના. અભી તો એક બચ્ચે કે લિયે સિર્ફ બાત કર કે રખની હૈ.'

1996નો એ સપ્ટેમ્બર મહિનો હતો. ગૌરવનો જન્મદિવસ નજીક હતો. ઘરમાં આવનારા નવા મહેમાનના સ્વપ્ન સાથે અમે એને ઊજવ્યો.

* * *

નિયમિત બે ત્રણ દિવસે ડૉ. દીવાન સાથે ફોન પર વાત થતી. અમે એમને જોયા ન હતા. ક્યારેક વારંવાર ફોન કરવાનો સંકોચ થતો. પણ એ ભલા મરાઠી સજ્જન અમારી ઉત્સુકતા સમજતા હતા. બરાબર જવાબ આપતા, અમારા કુતૂહ-લને સંતોષતા. અમે જાણ્યું કે ગ્રેસી - રૂડોલ્ફ - અમે જે બચ્ચાની રાહ જોતાં હતાં તેનાં માતા-પિતા તંદુરસ્ત અને 'એનર્જેટિક' હતાં. તેઓ એક ખ્રિસ્તી બ્રીડરના પરિવારમાં ઊછર્યાં હતાં.

'બ્રીડર એટલે શું, અંકલ ?' રચનાએ પૂછ્યું, ત્યારે ડૉ. દીવાને સમજાવ્યું કે કૂતરા કે બીજાં પ્રાણી ઉછેરવા અને વેચવાનો વ્યવસાય કરે તેને બ્રીડર કહેવાય. ગ્રેસીનું બચ્ચું તમને પસંદ નહીં આવે, તો એમને ત્યાં બીજાં કૂતરાં પણ છે, કોઈને ને કોઈને બચ્ચાં આવતાં હોય છે.'

'બીજું કોઈ નહીં, આપણે ગ્રેસીનું જ બચ્ચું લઈશું.' ગૌરવે ચુકાદો આપ્યો.

ભાગ્યે જ કોઈ બાબતમાં એકમત થતાં બંને ભાઈબહેન આ બાબતમાં તરત

એકમત થયાં. 'અને ફિમેલ બચ્ચું' બંનેએ એક અવાજે જાહેર કર્યું. જોકે તેનું નામ શું રાખવું તે વાત પર એક યુદ્ધ ખેલાઈ ગયું.

* * *

નવેમ્બર, 1996 શરૂ થયો. ગ્રેસીની પ્રસૂતિમાં બે અઠવાડિયાં જેટલો સમય બાકી હતો. રચના-ગૌરવને વૅકેશન હતું. અમે બેત્રણ દિવસ દમણ જઈ આવ્યાં. શાંત સુંદર દરિયાકિનારો, તેને સમાંતર સરુનાં વૃક્ષોનું પાંખું જંગલ. તેમાં ઊભી કરેલી કૉટેજ જેવી એક હોટેલમાં રહ્યાં. અંદર રહ્યા રહ્યા દરિયાનો ઘુઘવાટ સંભળાય. બહાર નીકળીને સીધા ચાલ્યા જાઓ તો થોડી વારે દરિયો આવી જાય. કોઈ કોઈ સ્થાનિક લોકો, કોઈ કોઈ પ્રવાસી સિવાય કોઈની ખલેલ નહીં. એકાંતનો રમણીય અનુભવ થયો.

ભીની રેતી પર લાંબી દોટ લગાવતાં, દરિયાનાં મોજાંમાં નહાતાં રચુ-ગૌરવ અચાનક સ્થિર થઈ જતાં. 'આપણું બચ્ચું જન્મી ગયું હશે તો ?'

'તો શું ? એમ તરત તેને થોડું લાવી શકાશે ?'

'તરત નહીં તો ક્યારે લાવવાનું ?'

'ડૉક્ટર કહે ત્યારે. બધું વ્યવસ્થિત કરવાનું છે, યાદ છે ને ?'

સરુનાં વૃક્ષોમાંથી આવતો પવન, નજર સામે ખેલતો અફાટ જળરાશિ, કાંઠા પરની ભીની રેતી, કુમળા તડકામાં ચમકતી છીપો – આ બધાં વચ્ચે રચુ-ગૌરવ અચાનક સૂનાં સૂનાં થઈ જતાં. મને વળગીને કહેતાં, 'બચ્ચું જલદી આવે તો સારું, નહીં મમ્મી ?'

'હા, બેટા. આપણે એની જ રાહ જોઈએ છીએ. હવે બહુ વાર નથી.'

* * *

નવેમ્બરની 17મી તારીખે ડૉ. દીવાનનો ફોન આવ્યો. 'અભિનંદન. તમારું બચ્ચું જન્મી ગયું છે. સ્વસ્થ છે, સુંદર છે.'

ફોન આડો હાથ રાખીને મેં સમાચાર આપ્યા કે રચના-ગૌરવ કૂદવા માંડ્યાં. એવી ધમધમ થઈ ગઈ કે ડૉ. દીવાન પૂછવા લાગ્યા, 'આ શાનો અવાજ આવે છે ?'

'મારાં છોકરાંઓ આનંદમાં કૂદે છે,' મેં કહ્યું. ડૉ. દીવાન ખડખડાટ હસ્યા. પછી કહ્યું, 'જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં તેને લઈ જવાની તૈયારી રાખજો.'

'છેક ત્યારે ? આ બે વાંદરાઓને રોકવા મુશ્કેલ છે.'

'એવું છે બહેન, કે બચ્ચાને દોઢથી બે મહિના તેની માનું દૂધ અને હૂંફ જોઈએ. ત્યાર પછી જ તે અલગ રહી શકે.'

'ઓહ...બરાબર.'

'બે મહિનાની ઉંમર પછી તેની સ્મૃતિનો વિકાસ થવા લાગે. ત્યાર પછી જો તેને તેની માથી છૂટું પાડીએ તો તે હિજરાય. નવા વાતાવરણમાં ગોઠવાતાં વાર લાગે.'

'હું..'

'બાળકોને સમજાવજો આ. નવેમ્બરની 16મીએ જન્મેલા બચ્ચાને લઈ જવા માટે જાન્યુઆરીનું પહેલું કે બીજું અઠવાડિયું આદર્શ કહેવાય.'

રચના-ગૌરવ કૂદતાં બંધ થયાં પછી મેં તેમને આ બધું કહ્યું. હજી દોઢ મહિનો રાહ જોવાની છે એ જાણી બંને નિરાશ થઈ ગયાં.

'મને તો એમ કે આપણે કાલે બચ્ચું લઈ આવીશું !' રચુ બોલી.

'કાલે કેમ ? આજે કેમ નહીં ?' ગૌરવ ઉવાચ.

'બુદ્ધુ, તેની બાસ્કેટ વગેરે લાવવું પડે કે નહીં ?' મોટી બહેને જ્ઞાન પ્રદર્શિત કર્યું.

'પણ મમ્મી તો કહે છે કે જાન્યુઆરીમાં લેવા જવાનું.'

બંને એકબીજા સામે જોતાં બેઠાં. અચાનક ગૌરવ ઊછળ્યો. 'હું સોળ સપ્ટે-મ્બર, બચ્ચું સોળ નવેમ્બર', તે પોતાના અને બચ્ચાના જન્મદિવસની વાત કરતો હતો. 'અમારી વચ્ચે એક સ્પેશ્યલ કનેક્શન છે. રચુ, તમારી વચ્ચે એવું કોઈ કને-ક્શન નથી. બચ્ચું મારું વધારે, તારું ઓછું.'

રચુ ગરમ થઈ. તેનાં જીભ ને હાથ બંને ચાલ્યાં, 'ચૂપ બેસ. એવાં કનેક્શન ન હોય. બચ્ચું મારું વધારે.' રૂમ યુદ્ધભૂમિમાં પલટાવાની તૈયારીમાં હતો તે જોઈ મેં મોટા અવાજે કહ્યું, 'બચ્ચા માટે ઝઘડા થવાના હોય તો બચ્ચું ભલે જ્યાં છે ત્યાં જ રહે. અહીં લાવવાની કંઈ જરૂર નથી.'

યુદ્ધનું મેદાન તરત શાંતિક્ષેત્રમાં પલટાઈ ગયું. 'બચ્ચું અમારા બંનેનું.' ગૌરવ બોલ્યો. 'આપણા બધાંનું' રચુએ કહ્યું.

'આપણને જોવા જવા ન દે ?' બંનેએ મહત્વનો પ્રશ્ન કર્યો. 'ડૉક્ટરે એવું કંઈ કહ્યું નથી. આમ પણ બે દિવસ પછી તમારી સ્કૂલ શરૂ થશે. સમય નહીં મળે. કદાચ જઈએ, ને આપણી અવરજવરથી એ મા-બચ્ચાં ડિસ્ટર્બ થાય તો ? એવું ન કરાય.'

'હા, એવું તો ન કરાય.' બંને સંમત થયાં.

• • •



# 2

# ફર્સ્ટ એન્કાઉન્ટર

1997ની સાલ શરૂ થઈ. 'નવા વરસનું પહેલું સરસ કામ બચ્ચાને લઈ આવવાનું – કેમ ને રચુ ?' 'હા, ગૌ.' રચુને ગૌરવ પર વહાલ આવે ત્યારે એ તેને 'ગૌ' કહે છે. તે દિવસે પહેલી તારીખ હતી. 'મમ્મી, ફોન કર ને'. બંને પાછળ પડી ગયાં. મેં ફોન કર્યો. નવા વર્ષનાં અભિનંદન આપ્યાં ને બચ્ચા વિશે પૂછ્યું.

'બચ્ચું હવે સરસ થઈ ગયું છે. બહારના દૂધ, બહારના વાતાવરણ માટે તૈયાર છે. તમને ફાવે તે દિવસ ગોઠવીએ. હું લાવી રાખીશ.'

'પરમ દિવસે આવીએ ?'

'જરૂર. પણ સાંભળો. એક બાસ્કેટ ઢાંકણવાળી લાવજો. તેમાં ગાદી જેવું મૂકજો. બાસ્કેટ પર વીંટી શકાય તેવું એક કપડું સાથે લાવજો. તેને રિક્ષા કે એવા પ્રાઇવેટ વેહિકલમાં લઈ જજો. સૂર્યપ્રકાશ, લોકો, અવાજ, જગ્યાનું પરિવર્તન – આ બધાંની બચ્ચાના નાનકડા મગજ પર મોટી અસર થાય છે. ક્યારેક તે આઘાત પામી જાય છે. એનાં નાજુક શરીર-મનને જેમ બને એમ સંભાળીને પરિવર્તન આપવાં જોઈએ.'

'સમજી ગઈ, ડૉક્ટર. અમે બરાબર તમે કહ્યું છે તેમ જ કરીશું.'

ઘરમાં એક આછા લીલા રંગની પ્લાસ્ટિકની ઢાંકણવાળી - જાળીવાળી અને

પહોળા તળિયાવાળી બાસ્કેટ હતી. અભેરાઈ પરથી તેને ઉતારી સાફ કરી, તડકે સૂકવી. સુંવાળી ચાદરની ઘડીઓ વાળી ગાદી જેવું કર્યું. વીંટવા માટે બીજી એક પાતળી ચાદર લીધી ને ત્રીજી જાન્યુઆરીએ અમારી સવારી ઊપડી ડૉ. દીવાનને ત્યાં. ઉત્તેજનાથી રચુ-ગૌરવની આંખો ચમકતી હતી. મારું હૃદય પણ મોટેથી ધડકતું હતું.

ડૉક્ટરનું ઘર ત્રીજે માળે હતું. હું રિક્ષાના પૈસા ચૂકવું ત્યાં તો રચુ-ગૌરવ મોટા કૂદકા મારતાં ત્રીજે માળે ચડી મારી રાહ જોતાં ઊભાં. હું પહોંચી એવી જ તેમણે ડૉરબેલ દબાવી.

'ટીંગ ટોંગ' અવાજ થયો - ન થયો ત્યાં બંધ બારણા પાછળથી ઝીણું 'આંઉ આંઉ' સંભળાયું. એ જ ક્ષણે અમે ત્રણેય એકસાથે એ અવાજના પ્રેમમાં પડી ગયાં.

બારણું ખૂલ્યું. ડૉક્ટર અમને આવકારે તે પહેલાં તેમની બાજુમાંથી આઠદસ ઇંચનો એક રૂનો દડો 'આંઉ આંઉ' કરતો દડબડ દોડી ગયો. હું અટકાવું તે પહેલાં તો રચના-ગૌરવ પણ તેની પાછળ દોડી ગયાં હતાં.

મેં ડૉક્ટરને નમસ્તે કર્યાં. તેમનાં પત્ની પણ હતાં. તેમને નમસ્કાર કર્યાં. દંપતી અમને તેમના દીવાનખાનામાં લઈ ગયું. એક બે જગ્યાએ દૂધની નાની પ્લેટ હતી. એક ખૂણે બિસ્કિટનો ભૂકો મૂકેલો હતો. અમે સોફા પર ગોઠવાયાં. જરા વારમાં સોફા નીચેથી રચુ બહાર આવી. તેના હાથમાં રૂના દડા જેવું પોમરેનિયન ગલૂડિયું હતું. સફેદ સુંવાળી ફર વચ્ચે બે આંખો ચમકતી હતી. કળા મોતી જેવા નાક નીચે હોઠની નાનકડી ફાટ ખૂલી હતી ને તેમાંથી ગુલાબી જીભ બહાર નીકળેલી હતી. તેની પાછળ ગૌરવ પણ નીકળ્યો.

મેં કહ્યું, 'તમે બંને બચ્ચાને લઈને બેસો શાંતિથી. આપણે ડૉક્ટર અંકલ પાસે ઘણું બધું સમજવાનું છે, ખબર છે ને ?'

બંને બેઠાં. રચનાએ હાથ લંબાવી બચ્ચું મારા ખોળામાં મૂક્યું. તેણે ઝીણું 'આઉ...' કર્યું. નાનકડું પોચું માથું પંપાળી મેં તેને પાછું આપ્યું. વચ્ચે તેને બેસાડી ભાઈબહેન તેની આસપાસ ગોઠવાયાં. બચ્ચું થાકી ગયું હશે. જરા વાર જીભ કાઢીને હાંફ્યું ને પછી જંપી ગયું.

'શું છોકરાંઓ, બચ્ચું ગમ્યું કે ?' ડૉ. દીવાને પૂછ્યું. બંનેના ચહેરા આનંદથી ચમકતા હતા. આવો આનંદ તેમના મોં પર જોવા હું કંઈ પણ કરી શકું.

'તમને તો ખબર છે જ કે ગલૂડિયાને કેવી રીતે સાચવવું' ડૉ. દીવાને મારી સાથે વાત કરવાની શરૂઆત કરી.

'નથી ખબર.' મને પાછળના બે અનુભવ યાદ આવ્યા. 'મારી રિક્વેસ્ટ છે ડૉક્ટર, કે અમે પહેલી વાર ગલૂડિયું પાળવાનાં હોઈએ તે રીતે જ મને બધું

સમજાવો. તેનું બધું બરાબર સચવાવું જોઈએ.'

'તો પહેલી વાત ટૉયલેટ ટ્રેનિંગની. એ તમારે ત્યાં પહેલી વાર યુરિનેટ કરે ત્યારે તેના પર છાપું મૂકવું. છાપું પ્રવાહી ચૂસી લે પછી એને બચ્ચાને સૂંઘાડવું.

ત્યાર પછી તમે જે જગ્યાએ કાયમ તેને ટૉયલેટ કરાવવા માગતા હો ત્યાં એ છાપું મૂકી ફરી તેને એ જગા સૂંઘાડી દેવી. તેને બીજી વાર પી-પી કરવી હશે તો તે ત્યાં જ જશે. પણ જો એ ચૂકી ગયા અને તેણે ત્રણચાર વાર ઘરમાં યુરિનેટ કરી લીધું તો પછી છાપાવાળી રીતને તે ફોલો નહીં કરે. તે કન્યુઝડ થઈ જશે. ખ્યાલ આવ્યો ?'

'હા. પણ મેં સાંભળ્યું છે કે બે વાર નિયમિત બહાર ફેરવી લાવીએ તો કૂતરાં ઘર નથી બગાડતાં.'

'એ સાચું છે. પણ આટલા નાના બચ્ચાને બહાર ફેરવવા લઈ જવાય નહીં. હવામાંથી, તે ધૂળ વગેરે ચાટી લે તો તેનાથી તેને ઇન્ફેક્શન લાગી શકે. અત્યારે તે આટલા મોટા એક્સપોઝર માટે પણ તૈયાર હોય નહીં. ડરી જાય, આઘાત પામી જાય તેમ બને. છ મહિનાનું ન થાય ત્યાં સુધી ઘરમાં જ રાખવું સારું.'

'છ મહિનાનું ન થાય ત્યાં સુધી તેને નવડાવતાં પણ નહીં. અઠવાડિયે એક વાર સ્પંજ કરી દેજો. વાગે નહીં એવા, છૂટા દાંતાના કોમ્બથી કોમ્બિંગ કરી દેજો. ધીરે ધીરે, ભાર આપ્યા વિના ફરમાં દાંતિયો ફેરવજો. અત્યારે એના શરીર પર જાડી ફર છે. થોડા દિવસમાં એ ખરી જશે ને નવી રુવાંટી આવશે. એની મેળે આ થશે. તમે ગભરાતાં નહીં. નાના બાળકનું મલ્ટિવિટામિન ટૉનિક રોજ બે ટીપાં આપજો અને દૂધ, બિસ્કિટ, પલાળેલી રોટલી કે બ્રેડ ત્રણ મહિનાનું થાય પછી ધરી જોવાનાં, એને કુદરતી મન થશે ત્યારે ખાશે.'

'માનવીનું બાળક હોય કે પ્રાણીનું. કુદરત તેનું કામ જાણે છે. આપણે માત્ર તેને મદદ કરવાની હોય છે. અધીરા - ઉતાવળા - હાઇપરસેન્સિટીવ થવું નહીં.' ડૉક્ટરે પોતાની વાત પૂરી કરી. અમે તેમનો એક એક શબ્દ ધ્યાનથી સમજી લીધો.

'કંઈ પૂછવું હોય તો પૂછો.' તેમણે કહ્યું.

'એને અમારી સાથે સુવડાવાય ?' રચના-ગૌરવ બંને લગભગ એક સાથે બોલ્યાં.

'કેમ નહીં ? પણ એની સાઇઝથી ત્રણેક ગણી પહોળી અને પાંચ- છ ઇંચ ઊંચી એવી એક ખુલ્લી બાસ્કેટમાં ગાદી પાથરી એ તેને બતાવી દેજો, ને ઘરમાં એક જ જગ્યાએ એ બાસ્કેટને રાખજો. એને પોતાની રીતે ઊંઘવું હશે ત્યારે એ ત્યાં જશે. એની સાઇઝથી પા ભાગનું સૉફ્ટ ટૉય ઘરમાં હોય તો એને રમવા આપજો, એને કંપની રહેશે ને પોતાનો પ્રેમ, ગુસ્સો, મસ્તી બધું તે એની સાથે શૅર કરી શકશે.

એને સાથે સુવડાવો ત્યારે એ દબાઈ ન જાય તેનું ધ્યાન રાખજો. અને પરાણે ન સુવાડતા. જવું હોય તો જવા દેજો. સતત ખોળામાં રાખવું કે પંપાળ્યા કરવું નહીં. છૂટું મૂકવું. એ પોતાની રીતે ઘરથી, વાતાવરણથી, માણસોથી પરિચિત થાય તે માટે તેને મોકળાશ જોઈએ. આપણને કોઈ વધુ પડતું પકડે, ઊંચકે, દબાવે કે પંપાળે તો ત્રાસ થાય છે ને, એવો ત્રાસ એને પણ થાય. નાનકડું હોય, ને મૂંગું પણ એટલે બહુ વિરોધ ન કરી શકે પણ એટલે આપણે વધારે સમજવાનું ને ધ્યાન રાખવાનું. સમજ્યાં ને બચ્ચાંઓ ?'

મેં જોયું કે બંને એકાગ્રતાથી બધું સાંભળતાં હતાં. મને આનંદ થયો. પ્રેમ સાથે સમજ અને જવાબદારી પણ આવવાં જોઈએ.

ડૉક્ટરે પૂછ્યું, 'તમારે આને ટ્રેનિંગ આપવી છે ?'

'શાની ટ્રેનિંગ?' મેં પૂછ્યું.

'પાળેલાં કૂતરાંની જુદી જુદી સ્પર્ધા થતી હોય છે. કોઈને પોતાનું પૅટ 'બૉલ લઈ આવ', છાપું આપ' જેવા ઑર્ડર્સ ફોલો કરે તે જોઈતું હોય છે તેને માટે ટ્રેનર હોય છે.'

અમે ત્રણેએ એકબીજા સામે જોયું. મેં કહ્યું, 'આવી કોઈ ટ્રેનિંગ અમારે આપવી નથી. સ્પર્ધાઓ કે હુકમનું પાલન અમારા માટે અગત્યનાં નથી. મારે બસ એટલું જોઈએ કે આ ત્રણે મજા કરે ને કરાવે.' રચુ-ગૌરવે હકારમાં માથાં હલાવ્યાં.

• • •



# 3

## ઘર

મલાડથી દહીસર સુધીની રિક્ષામાં અમે ત્રણે લગભગ ચૂપ હતાં. એ મૌનમાં એક તૃપ્તિ હતી. એક નાનકડા માસૂમ જીવને માટેની પ્રતિબદ્ધતા હતી. અમને ઓળખ્યા વિના જ તેણે જાણે 'અનકન્ડિશનલ લવ'નો એક પાઠ શીખવ્યો હતો. રચના અને ગૌરવ વારાફરતી કપડામાં વીંટેલી બાસ્કેટ ખોળામાં લેતાં હતાં. બાસ્કેટમાં બચ્ચું જરા ગભરાયેલી મુદ્રામાં બેઠું હતું. બાસ્કેટનું ઉપરનું ઢાંકણું કપડાથી વીંટેલું ન હતું. હવાની અવરજવર માટે ખુલ્લું રાખ્યું હતું. એકબીજાના ખોળામાંથી બાસ્કેટ લેતી કે મૂકતી વખતે તેઓ ધીરેથી ઊંચકતાં ને મૂકતાં હતાં તે જોઈ મને સંતોષ થયો.

ઘેર પહોંચી બાસ્કેટમાંથી બચ્ચાને બહાર મૂક્યું. થોડી સેકન્ડ તે દબાઈને બેસી રહ્યું. પછી 'આંઉ.....' કરતું દોડી ગયું. ભીંતને પડખું અડાડી ઊભું રહ્યું ને એ જ રીતે રૂમની દરેક ભીંતે ફરી વળ્યું.

અમે કુતૂહલથી જોતાં હતાં. 'આ શું કરે છે ?' કદાચ જગ્યા ઓળખવાનો પ્રયત્ન કરતું હશે. ત્યાં તો એ રૂમની વચ્ચે આવ્યું. ગોળ ગોળ ફર્યું ને પાછલા પગ પહોળા કરી નમીને ઊભું રહ્યું. એના નાનકડા ચહેરા પર ટેન્શન હતું. અમને થયું – આને શું થયું – ત્યાં તો એ સરખું થઈ બેત્રણ પગલાં દૂર ગયું.

ઓહ્.... અમે ત્રણે હસી પડ્યાં. તેણે નાનકડી બે ઇંચના વ્યાસવાળી પી-પી કરી હતી. રચુ-ગૌરવ છાપું શોધી લાવ્યાં ને તેના પર મૂક્યું. મેં વાટકીમાં દૂધ લાવી તેને ધર્યું. તેણે થોડું પીધું. નાક પર જીભ ફેરવી અને ખાંખાખોળાં કરતું હોય તેમ ઘરમાં ફરવા લાગ્યું.

રચુએ તેને તેડ્યું. 'જો બચ્ચું, આ આપણું ઘર. આ મમ્મી, આ ગૌરવ, આ હું -રચુ. અહીં ડેડી પણ રહે છે. બહારથી આવશે થોડી વારમાં. તને વહાલ કરશે. તું ડરતું નહીં. અમે બધાં તને લાડ કરીશું. ને જો, આ આપણો ડ્રૉઇંગ રૂમ, આ બેડરૂમ, આ કીચન.' બાથરૂમમાં છાપું મૂકેલું તે બતાવીને કહે, 'આ બાથરૂમ. એક નંબર, બે નંબર બધું અહીં જ કરવાનું, હોં.'

'આનું નામ શું પાડીશું, રચુ ?' ગૌરવ બોલ્યો.

ઘણાં બધાં નામ નક્કી કર્યાં ને રદ કર્યાં પછી 'ચીકુ' નામ પર પસંદગી ઊતરી. નાનું, બોલવામાં મીઠું ને સીધુંસાદું નામ તેને બરાબર બંધબેસતું થયું.

'મમ્મી, આપણું ફેમિલી હવે કમ્પલીટ થયું. ડેડી-મમ્મી, બે બચ્ચાં અને એક પૅટ.' સાચે જ અમે ચીકુ વગર અધૂરાં હતાં. સૂનાં હતાં.

રાત પડી. ચીકુનું દોડવાનું, કૂદવાનું, બેસવાનું, આંખ પટપટાવવાનું, નાક પર જીભ ફેરવવાનું, નાની ગુલાબી જીભ કાઢીને હાંફવાનું – અમે જોતાં ધરાતાં જ ન હતાં. માંડ રાંધવા-જમવાનો સમય કાઢ્યો. ચીકુએ દૂધની જગ્યા સમજી લીધી હતી. થોડું ફરીને ત્યાં જઈ આવતી અને ચપચપ કરતી થોડું થોડું દૂધ પી લેતી.

સૂવાનો સમય થયો. બેડરૂમમાં ગૌરવ તેના ડેડી સાથે સૂતો, ડ્રૉઇંગરૂમમાં હું અને રચના સૂતાં. ગૌરવને ચીકુને પોતાની સાથે સુવાડવાનું ઘણું મન હતું. પણ તેને ચિંતા પણ હતી. 'મમ્મી સાથે સૂએ એ સારું.'

ચીકુને વચ્ચે રાખી હું ને રચના આજુબાજુ સૂતાં. એને ફાવશે કે નહીં, ઊંઘ આવશે કે નહીં – ની ચિંતામાં અમે બંને લગભગ આખી રાત જાગ્યાં. ચીકુ નિરાંતે પડખુંય ફેરવ્યા વિના ઊંઘતી રહી. એ લાંબો વખત સૂઈ રહે તોય અમને ચિંતા થતી. રચુ એના નાનકડા નાક પાસે આંગળી રાખતી, હું એના પેટ પર હળવેથી હાથ મૂકી જોઈ લેતી. પછી અમે એકબીજાને કહેતાં, 'ઊંઘે છે, ઊંઘવા દે.'

ચિંતા અને ઉજાગરાથી અમે થાકી ગયાં.

વહેલી સવારે ચીકુ સળવળી. ત્રણ ત્રણ ઇંચના નાના પગ ખેંચીને આળસ મરડી ને માથું ઊંચું કરી ટમકતી આંખો ખોલી.

તેણે ચારે પગે ઊભા થઈને 'આંઉ' કર્યું ને અમારો થાક ગાયબ થઈ ગયો. લાલ આંખે એકબીજાને જોતાં અમે હસી પડ્યાં.

ગૌરવ રોજ કરતાં વહેલો ઊઠીને બહાર આવ્યો ત્યારે ચીકુ એક ખૂણામાં કંઈક સૂંઘતી હતી, ગૌરવ તેને પાછળથી પકડી ઊંચકી. સૂંઘવામાં ખલેલ પડી તે તેને ગમ્યું ન હતું. તેમાં ગૌરવે તેના નાનકડા ચહેરાને જરા જોરથી ચૂમી લીધો.

ખર ખર ખર ખર....ગૌરવને નખ મારી ચીકુ તેના હાથમાંથી કૂદી ગઈ ને દૂર જઈ તેની સામે ગુસ્સાથી 'આંઉ આંઉ' કરવા લાગી.

અંતહીન મસ્તી-તોફાનનો મહાઅધ્યાય શરૂ થઈ ગયો હતો. અમે ખડખડાટ હસતાં હતાં. રૂના દડા જેવી ચીકુ વંટોળિયાની જેમ રૂમમાં ફરી બાથરૂમમાં ચાલી ગઈ. ત્યાં રાખેલાં છાપાં પર ટૅન્શનવાળા મોઢે તેણે નાની એવી પી-પી કરી, ને બહાર આવી ગૌરવ પાસે જઈ નખ માર્યા.

અમારા ખડખડાટ હાસ્યના પડઘા ઘરની દીવાલો પર પડતા હતા. ઉદાસ રહેવા ટેવાયેલી દીવાલોમાં પણ જાણે નવો જીવ આવ્યો હતો.

* * *

ચીકુ ખૂબ સુંદર હતી. છેક સુધી તેની સુંદરતા એવી જ રહી હતી. ઉંમર સાથે તે ચંચળમાંથી થોડી શાંત બની હતી પણ દરેક તબક્કે સુંદર તો લાગતી જ. તેનું માથું આપણી હથેળીની ગોળાઈમાં આવી જાય તેવું, સરસ સુઘડ ગોળાકા-રવાળું હતું. તેના પર એકાદ ઇંચના મુલાયમ સફેદ વાળ અને જરા મોટા ઊંચા ટટ્ટાર કાન. ગલૂડિયાં જેમ મોટાં થતાં જાય તેમ તેનો નાકનો ભાગ આગળ આવતો જાય, લાંબો થતો જાય. ચીકુનો એ ભાગ થોડો જ આગળ આવ્યો હતો. એટલે છેક સુધી તેનો ચહેરો કોમળ આકારનો લાગતો. બધી બાજુથી સરસ દેખાય. તેનું હલનચલન, ચાલ, દોડ અને કૂદવાની અદા બધું શોભે તેવું, મઝાનું હતું. તેનો પડછાયો પણ જોવો ગમે.

તેના કાનની પણ એક ભાષા હતી. ડર જેવું લાગે ને ચીકુ સાવધ થઈ જાય તો કાન સીધા ટટ્ટાર ઊભા રહે. કંઈક રસ પડે તેવું જુએ તો બંને કાનની અણી અંદરની તરફ વળે. કુતૂહલ વધે તેમ કાનની અણી વધારે વળે. ક્યારેક બંને કાનની અણી ભેગી થઈ જાય. વહાલ આવે ત્યારે કાન આખા પાછળ પડી જાય. થોડા જ દિવસમાં અમે એની ભાષા સમજવા લાગ્યાં.

ચીકુ પણ અમારા ઇશારા સમજવા માંડી. નજર મળે અને 'આવ' કહીએ એટલે તે દોડતી કૂદતી આવે અને કૂદકો મારી ખોળામાં પડે. ઘૂસે, ખભા પકડીને ઊભી થાય, તક મળે ત્યાં ચાટી લે. ઝડપથી એણે અમારા સ્વભાવ ઓળખી એ પ્રમાણે સંબંધ બાંધી લીધા હતા. મસ્તી-તોફાન-વહાલ બધાંમાં કોમન. બાકી સ્વભાવ પ્રમાણે થોડું અંતર રાખવું કે કરડી લેવું કે લાડ કરવાં તે ચીકુ બરાબર જાણે.

ચીકુને સુંદરતા માટે બધેથી 'કોમ્પ્લિમેન્ટ્સ' મળતાં પણ ચીકુ પોતાનો ચહેરો ઓળખતી પણ હશે કે કેમ તેવો સવાલ હંમેશાં અમને થતો રહે છે. કારણ કે જ્યારે તેને અરીસો બતાવીએ ત્યારે તે અમારા બધાં પ્રત્યે પરિચયનો ભાવ બતાવતી. અરીસામાં ને અરીસાની બહાર અમને વારાફરતી જોતી, પણ પોતાનું મોં જોઈ અપરિચયના ભાવ સાથે, કોઈ રસ લીધા વિના દૂર ખસી જતી.

● ● ●



# 4

# મસ્તી

થોડા દિવસમાં તો ચીકુ એવી ગોઠવાઈ ગઈ જાણે વર્ષોથી અહીં જ રહેતી હોય. કાન એવા સરવા કે બારણાં બંધ હોય ને દાદર પર કોઈનો પગરવ સંભળાય તો તરત બારણા પાસે જઈ ભસવા માંડે. હવે તેને ભસતાં આવડી ગયું હતું. અવાજ પણ ખાસ્સો મોટો હતો. ભસવાની તેને પોતાને મઝા પણ આવતી હશે, કારણ કે ભસવાની એકે તક તે છોડતી ન હતી. ચોકીદાર, ટપાલી, ગૅસના સિલિન્ડરવાળો, કરિયાણાની દુકાનવાળો, ઇલેક્ટ્રિશિયન ને પ્લમ્બર આ તેનાં પ્રિય પાત્રો હતાં.

પૂરા એક ફૂટનું પણ નહીં એવા તેના શરીરમાંથી નીકળતો ભસવાનો અવાજ કલ્પનામાં ન આવે તેવો મોટો હતો. ભસતાં ભસતાં તે સામા માણસ તરફ ધસી જતી. થોડું અંતર રહે એટલે અટકી જતી ને ત્યાં ઊભી ઊભી ભસતી. અમે જોતાં કે ખરેખર તો તેને આ બધા માણસોથી ડર લાગતો. તેનું મોટે મોટેથી ભસવાનું એ તેના ડરનો જ પ્રત્યાઘાત હતો. પણ તેનું ભસવું, ભસતાં ભસતાં ધસી જવું સામા માણસને સખત ડરાવી દેતું. એ અમુક અંતરે આવીને અટકી જાય છે, વધુ નજીક આવવાની હિંમત કરતી નથી એ જોવાની સ્વસ્થતા તે માણસમાં જરા જેટલી પણ રહેતી નહીં.

અમારે ત્યાં એક જાડો મોટો માણસ ગૅસનું સિલિન્ડર આપવા આવતો. આપણે જાણે કોઈ ગુનો કર્યો હોય અને પોતે ઉપકાર કરતો હોય તેવો તેનો ભાવ. દાદાગીરીથી થોડી બક્ષિસ પડાવી લેતો. આ માણસ ચીકુ આવી ત્યારથી સીધો થઈ ગયો. તે સિલિન્ડર લઈને આવે ને ડૉરબેલ મારે. અમે કોઈ બારણું ખોલવા પહોંચીએ એ પહેલાં ચીકુ ત્યાં પહોંચી ગઈ હોય અને પૂરી તાકાતથી ભસવા માંડી

હોય. બારણું ખૂલે એટલે એ જાડિયાનો નર્વસ ચહેરો દેખાય. બારણું બહારથી પકડી રાખે. 'મૅડમ, યે કુત્તે કો પહેલે બાંધો. ફિર દરવાજા ખોલો.' અમે ચીકુને બાંધીએ તો નહીં પણ ઊંચકી લઈએ. જેના પણ હાથમાં હોય ત્યાંથી તે કૂદવા માટે જોર કરે, ભસ્યા કરે. પેલો જીવ ચપટીમાં લઈ સિલિન્ડર બદલી આપી માંડ બચ્યો હોય એમ ધડધડ કરતો દાદર ઊતરી જાય. ખાલી પગથિયાં પર તેના શબ્દો ગુંજતા હોય – 'ક્યા ખતરનાક જાનવર પાલા હૈ....' સોસાયટીનો એક ડરામણો કાળો પ્લમ્બર આવતો તે પણ ચીકુથી થથરે.

ભસવાનું ને પૂંછડી પટપટાવવાનું તે એકસાથે શીખી હતી. ક્યારેક બંને ક્રિયા સાથે ચાલે, ક્યારેક અલગ અલગ સ્વતંત્રપણે. ભસવાની ઘણી કૅટેગરી હતી. મોં બંધ રાખીને 'હુમ્....' કરે તેનો અર્થ 'મને આ ગમ્યું નહીં.' હોઠ ઉપર ચડાવી દાંત દેખાડી થતા 'ઘરર્રર'નો અર્થ 'ચેતતા રહેજો.' ત્યાર પછી જો સામું માણસ ચેતે નહીં તો ચીકુ તીરની જેમ ધસી જાય, ફ્લૅટ ગાજે તેવું ભસી જાય.

એક વાર મારા પિતરાઈ ભાઈની પત્ની એક રાત માટે આવી હતી. તેને સૂઈ જતાં ભારે ડર લાગતો હતો. ઊંઘી જાઉં ને ચીકુ પલંગ પર ચડી જાય તો ? કરડી જાય તો ? અમે તેને ઘણું સમજાવી કે ચીકુ ભલું પ્રાણી છે. એમ કરડે નહીં. પણ ચીકુ જે રીતે એના દરેક હલનચલનને કરડી આંખે જોતી હતી અને 'હુમ્મ્મ્', 'ઘર્રર્રર' કરતી હતી તે જોઈ તેને કોઈ રીતે ચીકુની ભલાઈ પર વિશ્વાસ આવતો ન હતો. આખરે ચીકુને બીજા રૂમમાં રાખવી પડી.

કોઈ બહારના માણસ માટે પોતાની જગ્યા બદલાય તેનો ચીકુને ખૂબ વાંધો હતો. આપણા કાન થાકી જાય તેટલું ભસીને તે વિરોધ બતાવતી. ઘણા મહેમાનોનું મન ને માન સાચવવા જોકે અમારે ચીકુને બીજા રૂમમાં પૂરવી પડતી કે બીજી વિંગમાં આવેલા ફ્લૅટમાં મૂકવી પડતી. રચના-ગૌરવને આ ગમતું નહીં. પણ મહેમાનોને ડરાવીને ધાકમાં તો ન રખાય.

પછીથી અમે શોધી કાઢ્યું હતું કે મહેમાનો આવે ત્યારે ઘરનું એક સભ્ય ચીકુને ખોળામાં કે બાજુમાં લઈ બધા સાથે જ બેસે. પ્રારંભિક ઘુરકાટ ને હાઉહાઉ પછી આનાથી ચીકુ શાંત થઈ જતી. પ્રાણીને સ્વમાન હોય છે. કોઈ આવે ને તમે તેને પૂરી દો કે ધમકાવો તો તેને અપમાન લાગે છે. ખોળામાં કે બાજુમાં રાખવાથી તેનું મહત્વ સચવાય છે એટલે તે શાંત રહે છે. તેની અસલામતીની ભાવના દૂર થાય છે. હા, એ અચાનક દોડી કે ભસીને મહેમાનને ડરાવી ન દે તે માટે ઘરના એક સભ્યે પ્રાણી સાથે સતત બેસી રહેવું જોઈએ. આ અમે શીખ્યા ત્યારથી ચીકુને,

અમને ને, મહેમાનોને બધાંને નિરાંત થઈ ગઈ. મહેમાન આમ છતાં પણ અસ્વસ્થ હોય કે ડરતા હોય તો અમે એમને આ સમજાવતા અને તેમની ચિંતા દૂર કરતા.

ઘણાં પાળેલાં પ્રાણી શાંત હોય છે. મહેમાનો આવે ત્યારે જરા-તરા વિરોધ કરી પછી બીજા રૂમમાં ચાલ્યાં જાય છે અથવા તો સોફા કે ટેબલ નીચે ગોઠવાઈ જાય છે. ચીકુ આવી ન હતી. જ્યાં સુધી મહેમાન ઘરમાંથી ન જાય ત્યાં સુધી તેને ચેન પડતું નહીં. જો કોઈ બેત્રણ દિવસ રોકાવાનું હોય તો બેત્રણ કલાકે એક વાર ચીકુ તેની સામે ભસી આવતી - નવેસરથી વિરોધ નોંધાવી આવતી. ઘણાખરા મહેમાનો ચીકુના આ વર્તન પર હસી લેતા. કોઈ વળી ગુસ્સે થતા ત્યારે અમે ચીકુ વતી 'સૉરી' કહેતાં.

ચીકુને દાંત ફૂટવાની તૈયારી હતી, ત્યારે તેને પેઢામાં ખૂબ ચળ આવતી. આખો દિવસ તેને કંઈ ને કંઈ ચાવવું જ હોય. ગૌરવની આંગળી તેની ફેવરિટ. એ બાજુમાં હોય ત્યારે આંગળી શોધી ખૂબ રસથી ચાવે. પેઢાં કડક થયાં પછી તેને આંગળી પોચી લાગવા માંડી એટલે તે બીજા પદાર્થો શોધતી. જાડાં પૂઠાંની ચોપડીઓ, હૅંગર, ટૂથબ્રશ, પેન્સિલ, પેન, ફર્નિચરના છેડા, ફ્રીજના સ્ટૅન્ડના ખૂણા – ઉંદરની જેમ ચીકુ બધી વસ્તુ કાતરી કાઢે. રૂમાલ-નૅપ્કિન ફાડી નાખે. દાંત આવ્યા પછી પણ ઘણા વખત સુધી ચીકુનું કાતરકામ ચાલુ રહ્યું. અચાનક રાત્રે ઊંઘ ઊડે તો ક્યાંકથી 'કર્ર્ર્ર કર્ર્ર્ર' અવાજ સંભળાય. જઈને જોઈ લેવું પડે કે એ કોઈ કામની વસ્તુ તો કાતરતી નથી ને. રચના-ગૌરવ ઘણું ધ્યાન રાખે તો ય તેમની પેન-પેન્સિલ ને લંચબૉક્સ ચીકુના પંજામાંથી ન બચે. તેના દાંતનાં નાનાં નાનાં નિશાન એટલાં સુંદર લાગે કે તેને વઢવાનું મન ન થાય. ચીકુને તેના દેખાવ પરથી 'સસલું', તેની સરસરાટ ગતિ પરથી 'ખિસકોલું' અને મોટા ઊભા કાન પરથી 'ભીંદડું' નામ મળ્યાં હતાં. હું તેને 'મીઠ્ઠુ' કહેતી, રચુ 'કૂકી' ને તેના ડેડી 'ઝીણી'. હવે ગૌરવે તેને નવું નામ આપ્યું 'ઉંદરડું'.

ચીકુ અમારું રમકડું હતી તેમ તેનું પણ એક રમકડું હતું. તેની સાઇઝથી ત્રણચાર ગણું નાનું એક ટેડીબેર ડૉક્ટરના કહેવાથી અમે તેની બાસ્કેટમાં ગાદી સાથે મૂકી રાખતાં. એ એક દોઢેક ફૂટ પહોળી ઓરસચોરસ જાળીવાળી પીચ રંગની પ્લાસ્ટિકની બાસ્કેટ હતી. ઊંચાઈ છએક ઇંચ. ચીકુને આરામ કરવાનું મને થાય ત્યારે કૂદીને તેની અંદર જતી રહે. ટેડીબેર પર પગ કે માથું મૂકી ઊંઘી જાય. આરામ પૂરો થાય એટલે કૂદીને બહાર આવે. પીપી - છીછી, દૂધ - ખાવાનું પતાવી તાજી થાય પછી તેને તોફાન સૂઝે. બાસ્કેટમાં જાય. મોંમાં ટેડી લઈ બહાર

કૂદે. ટેડીને ફેંકે, તે જ્યાં પડ્યું હોય ત્યાં કૂદીને એના પર પડે, તેને મોંમાં લઈ માથું ધુણાવે. બટકા ભરવાની ચળ આવે ત્યારે ટેડીનું પણ આવી બને. બેત્રણ મહિનામાં તો તેનાં ચીંથરાં ઊડી ગયાં.

ત્યાર પછી તેનાં તોફાનમસ્તી તો ચાલુ જ હતાં. પણ અમને લાગતું હતું કે તેને એકાદ ટેડીબેર જોઈએ તો ખરું. ત્યારે હું સૉફ્ટ ટૉયઝ બનાવતાં શીખતી હતી. મેં ચીકુ માટે એક ટેડીબેર બનાવી બાસ્કેટમાં મૂક્યું. ચીકુએ તેને બહાર કાઢી જમીન પર મૂકી ચારે બાજુથી સૂંઘ્યું, જોયું, તપાસ્યું. પછી પસંદ આવ્યું હોય તેમ મોંમાં લઈ બાસ્કેટમાં મૂકી દીધું.

બેત્રણ મહિનામાં એનાં પણ ચીંથરાં ઊડી ગયાં. ત્યાર પછી ફરી એક ટેડીબેર અમે તેને આપેલું પણ તેમાં તેને રસ પડ્યો નહીં. અમારી સામે એવી રીતે જોતી જાણે કહેતી હોય – 'શું તમે પણ, હું ટેડીબેરથી રમવા જેવડી છું ?'

* * *

હા, હવે એ ટેડીબેરથી રમવા જેવડી કદાચ નહોતી રહી. પણ એનો અર્થ એવો ન હતો કે એનાં તોફાન ઓછાં થયાં હોય. એ પોતાની મેળે રોજ નવાં નવાં તોફાન શોધે. તેની આંખો ગોળ લખોટી જેવી હતી ને તેની બંને ધાર પર ઘેરી કાળી રેખા હતી. નાની સફેદ પાંપણ. એ આંખોમાં હંમેશાં તોફાન ચમકતું રહેતું. સોફા કે ખુરશી તો ઠીક, ડાઇનિંગ ટેબલ અને પ્લૅટફૉર્મ પર પણ તે એક કૂદકે ચડી જતી. અંદાજ એટલો ચોક્કસ કે તેના પર જે પડ્યું હોય તે ઢોળાય–ફૂટે નહીં. સવારે રચના-ગૌરવના દૂધના ગ્લાસ ભરી, ઢાંકી, ઢાંકણ પર હું પાંચ-પાંચ બદામ મૂકતી. બાજુમાં સાથે લઈ જવાનાં ટિફિન હોય. ચીકુ સવારમાં જે વહેલું ઊઠે તેની સાથે ઊઠી જાય. રચના, ગૌરવનાં કાન પાસે ફૂસ-ફૂસ કરીને જગાડે. ગૌરવ પડખાભર સૂતો હોય તો નાના નાના પગથી ધક્કા મારી સીધો કરે. પછી એની છાતી પર ચડીને આરામથી બેસે. ગૌરવ જાગીને તેને છાતી પરથી ઉતારવા જાય તો ઘર્રર્રર્ર કરી વિરોધ નોંધાવે. ન જ ઊતરવું હોય તો એકાદ બટકું ભરી લે. પછી સવારમાં સંગ્રામ શરૂ થાય. આગળ ચીકુ ને પાછળ ગૌરવ. ચીકુ સતત ભસતી એવી ચપ-ળતાથી ભાગે કે બે જણ પણ તેને પકડી ન શકે. સોફા કે પલંગ પર આગળના બે પગ નીચા ને પાછળના પગ ઊંચા એમ ઊભી રહે ને જેવું કોઈ નજીક જાય, કૂદીને તેની બાજુમાંથી જ તીરની જેમ નીકળી જાય.

રચના-ગૌરવ પરવારતાં હોય ને હું મારું કામ કરતી હોઉં ત્યારે ટેબલ પર

ચડી ચૂપચાપ દૂધના ગ્લાસ ઢોળ્યા વિના ઢાંકણ પરથી બદામ ખાઈ જવી એ ચીકુનું પ્રિય તોફાન. કડકડ ચાવવાનો અવાજ આવે અને હું ટેબલ તરફ જોઉં તો એ નીચે કૂદી અદશ્ય થઈ જાય. બીજી જ પળે રસોડાના દરવાજા પાસે એનું ડોકું દેખાય. જો મારું ધ્યાન હોય તો ફરી અદશ્ય થઈ જાય. ન યાન હોય તો પાછી એકાદ બદામ તેના પેટમાં પહોંચી જાય. વચ્ચે વચ્ચે તેને માટે કાઢેલા દૂધમાં છપાક છપાક કરતી જીભ મારી આવે.

ઘરમાં સંઘર્ષ તો ચાલતો જ હતો. રચના-ગૌરવનો ભણવાના ખર્ચ વધતો જતો હતો. મેં બ્યૂટીપાર્લર જેવું તેવું શરૂ કર્યું હતું. ક્યારેક નાની એવી કમાણી એમાંથી થતી. સૉફ્ટ ટૉયઝ વગેરે બનાવતાં શીખી હતી. ક્યારેક તેનું વેચાણ થતું. પણ જરૂર હતી સ્થિર આવકની. મેં ટ્યૂશન શરૂ કર્યાં. ભણવા આવતાં બાળકોને શરૂઆતમાં ભસી લીધા પછી ચીકુ છંછેડતી નહીં. આમ પણ રચુ-ગૌરવ ચાલ્યાં જાય પછી ચીકુ આરામ ફરમાવતી. જાગતી હોય તો હું જે રૂમમાં હોઉં એ રૂમમાં આવી મારી હરફર, કામકાજ બધું જોયા કરતી. જો વચ્ચે તેની તરફ ધ્યાન જાય તો એ કાન પાડી, ઝીણી આંખ કરી પૂંછડી હલાવે. એવી લાડકી મુદ્રા હોય કે બધું મૂકી તેને તેડી લેવાનું જ મન થાય. એનું આખું શરીર પ્રેમનો પ્રતિસાદ આપતું હોય તેમ સ્ફૂર્તિમાં આવી જાય. પ્રેમ આપતાં ને પ્રેમ માણતાં ચીકુ પાસેથી શીખવું પડે.

સાંજ પડે એટલે એ અધીરી થાય. બે વાતની અધીરાઈ હોય તેને. એક તો બહાર ફરવા જવું હોય, બીજું રચના-ગૌરવ યાદ આવ્યાં હોય. અમે તેને ઘરમાં પટ્ટો ન પહેરાવતા. બહાર ફેરવવા લઈ જઈએ ત્યારે પટ્ટો બાંધતાં. લાલ રંગનો, વેલ્વેટનો નાજુક પટ્ટો ચીકુના રેશમી સફેદ ગળા પર ખૂબ શોભતો.

આ પટ્ટો ક્યાં હોય તે ચીકુ જાણે. એ ખાનું કોઈ ખોલે એટલે જ્યાં હોય ત્યાંથી કૂદતી કૂદતી આવે. પટ્ટો હાથમાં લઈએ એટલે ગળું ધરે. ક્યારેક તો પોતે જ એ ખાના પાસે જઈ બે પગે ઊભી થઈ આગળના પગના નખથી ખાનું ખોલવાનો પ્રયત્ન કરે. લાકડા પર તેના નખનો ખર્ર ખર્ર અવાજ મીઠો લાગે. એ ખાનાનું પૉલિશ ચીકુના નખથી ઉઝરડાઈ ગયું હતું.

ફરવા લઈ જઈએ ત્યારે એને ગજબનો આનંદ આવે. બહારની એક એક ચીજમાં તેને રસ. રમતાં બાળકો, પસાર થતાં માણસો, ફરતાં કૂતરાં, કમ્પાઉન્ડ કે રસ્તા પર પડેલી વસ્તુઓ બધું ખૂબ ધ્યાનથી જુએ. સૂંઘે. ચાટે. પસંદગીના માણસોને ભસે કે પાછળ દોડી ગભરાવે. મોટા અવાજ આવે તો ગભરાઈને અમને વળગે. તેને બીજા કૂતરાં, બિલાડી કે મોટા ઉંદરની બીક લાગતી. મીણબત્તી, અગ-

રબત્તી, કૅમેરાની લેશ કે પરફ્યૂમ સ્પ્રેના 'ફુસ્સ' અવાજની પણ બીક લાગતી. આ વસ્તુઓ જોઈને જ ભાગી જાય.

અમે એને ઈંડા સિવાય કશું નૉનવેજ ન આપતાં. પણ કૂતરા આમ તો માંસાહારી જીવ. અમારા પાડોશીને ત્યાં ફિશ-મીટ વારંવાર બને. તેના બારણા પાસે મુકાયેલા કચરાના ડબ્બામાં ચીકુનો ખૂબ જીવ જાય. ધ્યાન ન રાખીએ તો તે ડબ્બો ઊંધો વાળે ને કંઈક ઊંધુંચત્તું ખાઈ પણ નાખે.

બહારથી આવ્યાં પછી તેને ખાવું પીવું હોય, પણ સાફસૂફ થવું ન હોય. એને ખબર હોય કે હું એને પહેલાં બાથરૂમમાં લઈ જઈશ. એટલે જેવો પટ્ટો કાઢીએ કે તરત સોફા નીચે છેક અંદર ઘૂસીને બેસે. પકડવા જાઉં એટલે દાંત પર હોઠ ચડાવી ઘર્રઘર્ર કરતી સામી થાય, પણ પછી શરણે થતી હોય એમ ખેંચાઈ જાય, ઊંચકાઈ જાય. મોટું બલિદાન આપતી હોય એવા ભાવથી પોતાનું શરીર સાફ કરવા દે, પાઉડર છંટાવે ને પછી ખાઈ-પી, એકાદ ઊંઘ કાઢી, રચુ-ગૌરવનાં આગમન માટે તાજીમાજી થઈ જાય.

બંનેનું સ્વાગત કરવાની તેની રીત જુદી જુદી હતી. રચના આવે એટલે બે પગે ઊભી થઈ એને વળગવા જાય. રચના બૅગ પણ મૂક્યા વિના પહેલા તેને તેડી લે. ખ-ખ-ખ-ખ-ફૂસ જેવા અવાજ કાઢતી એ એના હાથ-મોં ચાટે. રચુ એક હાથે એને પકડી બૅગ ઉતારે, સોફા પર બેસે. ચીકુનો વહાલનો ઊભરો શમે પછી એને નીચે ઉતારી રચુ નહાવા જાય. ચીકુ અધીરી થઈને બાથરૂમના બારણા પાસે જ ઊભી હોય. જો એને નીકળતાં વધુ વાર લાગે તો આગળના પગ બાથરૂમના બારણા પર મારી, ભસી, ઉતાવળ કરાવે. એ બહાર નીકળે પછી પાછું વહાલ ચાલુ. પૂંછડી જ નહીં, એ આખી પટપટતી લાગે.

આ સમય દરમિયાન રચના મારા પર કે ટીવી પર કે બીજી કોઈ બાબત પર ધ્યાન આપે તો ચીકુ રિસાઈ જાય. અમે કોઈ પણ બહારથી આવીએ એટલે પહેલાં ચીકુને મળવાનું એવો નિયમ એણે પોતે બનાવી રાખ્યો હતો જે અમારે પાળવો પડતો.

ગૌરવ આવે ત્યારે પણ તે ખૂબ અધીરાઈથી રાહ જોતી હોય. એ ઘરમાં આવી હાથ લંબાવે એટલે ચીકુ કૂદકો મારી એના હાથમાં ઝિલાઈ જાય. એના હાથ-મોં બરાબર ચાટે. પ્રેમ પૂરો થાય એટલે ઝડપથી ઝઘડા શરૂ થાય. ગૌરવ તેને નાક પર કે કાન પર ફૂંક મારે કે પૂંછડી પકડે એટલે એ એની આંગળી પર બટકું ભરવા તરાપ મારે. ગૌરવ તરાપ ચુકાવી દે એટલે એ ફરી તરાપ મારે. જો એકાદ

વાર બટકું ભરાઈ જાય તો એને ખબર હોય કે ગૌરવ ગુસ્સો કરશે. એટલે ભાગીને અમારા કોઈના ખોળામાં અથવા સોફા નીચે ખૂણામાં ભરાઈ જાય. તરત જ ત્યાંથી નીકળી ગૌરવને હુલ આપે. એ એની પાછળ દોડે એટલે પાછી ક્યાંક ઘૂસે. આખું ઘર એ બંનેની ધમાલથી હલી જાય.

હું બહારથી આવું એટલે એને મારી ઉપર પણ ચડવું હોય. પણ આટલી બધી ધમાલ મને ફાવે નહીં. એ જાણે સમજતી હોય એમ જરાતરા તોફાનથી વધુ કંઈ ન કરે. પણ જો મેં એને ખોળામાં લઈ વહાલ ન કર્યું અને બીજા કોઈ કામમાં લાગી ગઈ તો એ ખૂબ જ રિસાય. તેને મનાવતાં ખૂબ વાર લાગે. ‘તું તો મારું ફેવરિટ બચ્ચું છે. ઘર પછી. રચના-ગૌરવ પણ પછી. તું પહેલું. મારું નાનું નાનું ચીકુ...’ આવું આવું કેટલુંય એને ખોળામાં લઈને કહેવાનું. વહાલ કરવાનું - ત્યાર પછી એ ઠીક થાય.

પોમરેનિયન કૂતરા વિશે કહેવાય છે કે ખૂબ પ્રેમ આપવો ને ખૂબ પ્રેમ પામવો એ તેમની જરૂરિયાત હોય છે. ચીકુ ખૂબ પ્રેમ આપતી. ખૂબ પ્રેમ માગતી, પ્રેમને ખૂબ માણતી.

અમે પણ તેની પાસે સહજ, નિર્દોષ, ગણતરી વગરનો પ્રેમ શીખી રહ્યાં હતાં. એવો પ્રેમ જે નાનાં નિર્દોષ પ્રાણી જ શીખવી શકે.

● ● ●



# 5

## તોફાન

ચીકુ પાંચ વર્ષની થઈ હતી. હવે એ અમારા પરિવારનું અભિન્ન અંગ હતી. તેના વિનાનું અમારું અસ્તિત્વ કલ્પી જ ન શકાય. અત્યારે વિચાર કરું છું તો તાજ્જુબ થઈ જાઉં છું. માણસ તરીકે આપણી બુદ્ધિ, સંવેદના અને સમજને આપણે ઊંચી આંકતા હોઈએ છીએ. પણ ચીકુની સાથે રહ્યા પછી લાગે છે કે એની પાસે જે સંવેદના અને સમજ હતી તે અમારા બધાં કરતાં વધારે શુદ્ધ અને સાચી હતી, કારણ કે તે કોઈ ગણતરી, સ્વાર્થ કે અહમથી દોરાતી ન હતી. માણસમાં સંવેદના અને સમજ શુદ્ધ-સાચાં ન હોય તેમ નથી, પણ તેના પર જાતજાતનાં આવરણો આવી જ જતાં હોય છે.

બુદ્ધિ પણ ચીકુની ઓછી અને અમારી વધારે એમ કેમ કહી શકાય – ચીકુ અમારા ચારેના જે અલગ અલગ ટેમ્પરામેન્ટ હતા તેને સમજતી હતી. દરેક સાથે તેના જુદા સંબંધ હતા, જુદા આનંદ હતા. ઘરનું વાતાવરણ તંગ થાય તોયે તેને સમજ પડે. રચના બીજા રૂમમાં હોય અને ચૂપચાપ રડતી હોય તો તરત તે દોડીને ત્યાં પહોંચી જ હોય. તેના ખોળામાં પડતું મૂક્યું જ હોય અને તેના આખા મોઢા પર જીભ ફેરવી જ હોય. રચના પણ પોતાનાં દુઃખડાં તેની પાસે વર્ણવે. નાનું બાળક હેરાન કરે તો ચીકુ ચૂપચાપ ચલાવી લે. તેને ડરાવે તો નહીં જ, પણ સામસામા થઈ જવાય તો તે તેને શાંતિથી જવા દે. આ સમજ પાળેલા પ્રાણીમાં મેં હંમેશા જોઈ છે.

રચના-ગૌરવ ઝઘડા કરે તો વચ્ચે કૂદાકૂદ કરીને ભસ્યા કરતી હોય – હંમેશાં રચનાનો પક્ષ લઈ ગૌરવ તરફ ભસવું એ એનો નિયમ. બંનેને છૂટાં પાડવાં અને રચનાને ગૌરવના પંજામાંથી બચાવવી એ એણે પોતાનું કર્તવ્ય માન્યું હોય તેવું વર્તન. ગૌરવ રચનાને રમતમાં પણ આંગળી અડાડે તો ચીકુનો ખજાનો લૂંટાતો હોય તેમ ત્રાટકે. બટકું ભરી લે. પણ હું રચનાને અડું તો વાંધો નહીં.

ગમે તેટલું ઝઘડ્યા હોય, સૂવાનું ગૌરવ સાથે જ. ગૌરવ અને ચીકુ વચ્ચે ખૂનખાર લડાઈઓ ઓછી નથી થઈ. એ બંનેને છોડાવતાં અમે અંદર અંદર ઝઘડી પડ્યાં હોઈએ એવુંય ઘણી વાર થાય. મોટે ભાગે એકબીજાને ચીડવવાથી શરૂઆત થાય. ચીકુનું મગજ ગરમ. તરત ગૌરવને કરડી લે. એ કરડે એટલે ગૌરવને પણ ગુસ્સો આવે. બૉલ, ચંપલ કંઈ પણ ચીકુ તરફ ફેંકે. ચીકુ અચૂક ઘા ચુકાવે ને ફરી ફરી ગૌરવ તરફ ધસે. ગૌરવ એના પર નિશાન લેવાનું ચાલુ રાખે.

ઘર યુદ્ધભૂમિમાં પલટાઈ જાય એટલે હું ને રચના ઝુકાવીએ. રચના ચીકુને પકડે, હું ગૌરવને. એને લોહી નીકળ્યું હોય તો હું ચીકુ પર ખૂબ ગુસ્સે થાઉં. રચના કહે, 'એને શું વઢે છે ? ગૌરવને સમજાવ.'

'એણે ગૌરવને લોહી કાઢ્યું છે, જોતી નથી ?'

'કેમ આપણને લોહી નથી કાઢતી – કેમ ગૌરવને જ કરડે છે ? ગૌરવને સમજાવ કે એને ખીજવે નહીં.'

'તે એ ખીજવે એટલે આમ કરડી લેવાનું ? ચીકુ માથે ચડી ગઈ છે.'

અમારી દલીલો ચાલ્યા કરતી હોય ત્યાં પેલા બંને પક્ષ વચ્ચે સુલેહ થઈ પણ ગઈ હોય. બંને થાકેલા યોદ્ધાઓ એકબીજાને વળગીને સૂઈ ગયા હોય. ચીકુને ગૌરવના હાથ પર સૂવાની ટેવ હતી. કલાકો સુધી એ સ્થિતિમાં બંને ઊંઘી રહેતાં. ચીકુ ક્યારેક અમારા કોઈના હાથ પર સૂએ તો એને ફાવે નહીં. થોડી મિનિટોમાં ખદબદ કરી ઠેકડો મારી ભાગી જાય. ગૌરવ સાથે આખી રાત સૂઈ રહે.

અને પથારી પણ કેવી – જમીન પર, ગાદી પર નહીં. પલંગમાં પણ નહીં. ત્રણ જણ માંડ બેસી શકે એવા એક સાંકડા સોફા પર છ ફૂટ જેટલો લાંબો અને લંબાઈને અનુરૂપ પહોળાઈ પણ ધરાવતો ગૌરવ અને ચીકુ ઘૂસેલાં હોય. કોઈ જુએ તો દયા આવી જાય એવું દૃશ્ય હોય, પણ એ બંને તો મોજથી ઊંઘી ગયાં હોય. ગમે તેવા ભીષણ યુદ્ધનો વિરામ આ જ દૃશ્યથી આવે.

વર્ષો પછી રચનાએ એની કમાણીથી ગૌરવ સરખો સમાય એવો મોટો લાકડાનો પલંગ કરાવ્યો. સોફાની જગ્યાએ એ મુકાવ્યો. હું વળી તેના પર મૂકવા ફોમની જાડી ગાદી લાવી. અમે બંને રાજી રાજી થતાં હતાં કે આ બે બિચારા જીવ હવે સરખા સૂશે. પણ એ બંનેને આ નવી વ્યવસ્થા ફાવી નહીં. એ પલંગ પર જ

સૂતાં બંને, પણ ગૌરવ કહે, ‘સોફામાં ઘૂસવાની મજા આવતી હતી. અમારો સોફા... આપણે એને કેવા મીસ કરીએ છીએ નહીં ચીકુ ?’ ચીકુ પાછી સમભાવપૂર્વક એની છાતી પર ચડીને બેસે અને આશ્વાસન આપતી હોય એમ એનું મોં ચાટી આપે. એ લોકોની બેત્રણ રમત યાદ રહી ગઈ છે.

ચીકુ અને ગૌરવ એકબીજાની બોડીલૅંગ્વેજ બહુ સારી રીતે સમજતાં. ગૌરવ ફરતો હોય તો ચીકુ સોફા નીચેથી એના પગલાં જોયા કરે. ગૌરવ સોફા પાસેથી પસાર થાય ત્યારે જરા ધબધબ કરે. ચીકુ હાઉહાઉ કરતી બહાર નીકળે ત્યારે એ તેની સામે કોલીડાન્સ કરે. કોલીડાન્સમાં પગની ઝડપી અને જોશીલી મૂવમેન્ટ હોય છે. પોણા ફૂટની ચીકુ સામે છ ફૂટના ગૌરવનો કોલીડાન્સ જોઈ હસી હસીને પેટ દુ:ખવા આવે. આવી ધમાલના મૂડમાં ન હોય ત્યારે બંને સામસામા છેડાથી આવે, એક જ રીતે સામસામા બેસે, ગૌરવ પોતાના હાથ અને ચીકુ પોતાના આગલા પગ લંબાવે, શરીરનો ઊંચો રહેલો પાછળનો ભાગ ‘સ્ટ્રેચ’ કરે ને એકબીજાને નાક અડાડે. પછી પડખાભર સૂએ. ગૌરવ ચીકુના શરીર પર માથું મૂકી ક્યાંય સુધી પડ્યો હોય. ચીકુ એને એ રીતે સૂવા દે, પણ અમે એમ સૂઈએ તો એ તરત ખદબદ કરી ભાગી જાય - ઘણા વખત પછી અમને ખબર પડી કે એ ગૌરવને એ રીતે સૂવા દેતી હતી કારણ કે ગૌરવ સતત આંગળીથી એનું ગળું ખંજવાળી આપતો હતો. ‘મારી આંગળી ચાલે એટલો વખત ચીકુ પડી રહે છે. હું ખંજવાળવાનું બંધ કરું તો ઊભી થઈ જાય છે.’ રહસ્યસ્ફોટ કરતાં ગૌરવે કહ્યું હતું.

ચીકુને મશીનગન બનાવવી એ ગૌરવની પ્રિય રમત. તેનું મોં ગનની જેમ પકડી ગૌરવ તેના માથા પર કાનની વચ્ચે ‘ગન લૉડ’ કરે. ને પછી બગલમાં ચીકુને દબાવી, મોઢું પકડી, નાકથી નિશાન લઈ ધડધડધડ ગોળી ચલાવે. ચીકુ જરાક વાર આ ચાલવા દે, પછી જોર કરીને કૂદી જાય અને બટકા ભરવા પાછળ દોડે. ગૌરવ કૂદકા ચુકાવે. ઘણી વાર પાથરેલી ચાદરમાં હાથ નાખી ગૌરવ પંજો હલાવે. ચીકુ ધસમસતી આવી તેના હાથ પર કૂદે, હાથ મોંમા લેવા પ્રયત્ન કરે.

અમને બાથરૂમ બંધ કરતા જોઈ તે પણ પીપી કરવા જાય ત્યારે ધક્કો મારી બારણું અટકાવતી, પછી ધક્કો મારી ખોલી નાખતી, ને બહાર નીકળતી. ક્યારેક અટકાવેલું બારણું ખૂલતું નહીં ત્યારે ચીકુ અમુક રીતે ભસીને ‘હું પુરાઈ ગઈ’ એવો સંકેત આપતી. અમે હસતાં હસતાં તેને કાઢતાં.

મારી સાથે પાછો જુદો સંબંધ. એ અમારે ત્યાં આવી ત્યારે નાનું બચ્ચું હતી. એ સરખું નહીં ખાય, એનું પેટ નહીં ભરાય એવી ચિંતાથી હું એને ખવડાવતી. એને તો ચમચીથી દૂધરોટલી ખાવાનું એટલું ફાવી ગયું કે એ જાતે ખાતાં શીખી જ નહીં. દૂધ પીએ, બીજી ભાવતી વસ્તુઓ ખાય, લાકડું પણ કાતરી કાઢે એવા એના દાંત – પણ જમવામાં દૂધમાં બરાબર પલળી હોય તેવી રોટલી જ જોઈએ અને તે પણ

મારે જ ખવડાવવાની. રોટલી ઓછી પલળી હોય કે પરોઠું કે બ્રેડ પલાળીને આપ્યાં હોય તો તે મારી સામે એવી રીતે જુએ જાણે કહેતી હોય, 'આ મને શું ખવડાવો છો ?' તેને દવા આપવાની ને દર ઉનાળે વાળ કાપવાની ડ્યૂટી પણ મારી. બીજા કોઈને કરવા ન દે.

એને ભાવતી વસ્તુઓની યાદી નાની ન હતી. આઇસક્રીમ, કેક, ચૉકલેટ, કેળાં-ચીકુ સિવાયનાં બધાં ફળ, સૂકો મેવો, દૂધની બધી જ મીઠાઈઓ અને સેવ, ગાંઠિયા, મકાઈનો ચેવડો જેવાં ફરસાણ ચીકુ મોજથી ઉડાવે. બંગાળી મીઠાઈ અને કેરી તો ગજબના ભાવે. કૂતરાને મીઠાઈ ન ખવડાવવી એવો એક મત છે. પણ એક તો મને એવું લાગે કે પ્રાણીઓ પોતાને નડે તેવું ખાય જ નહીં. એને કુદરતી એવી પ્રેરણા થાય. જો મીઠાઈ ચીકુને નડતી હોત, તો ચીકુ તે ખાત જ નહીં. બીજું, મીઠાઈ આપણે પણ ક્યારેક જ ખાતાં હોઈએ છીએ. ત્યારે ચીકુને પણ થોડી ખવડાવી હોય તો શું નડે ? રોજ રોજ આપીએ તો વળી નડે. રચના-ગૌરવ તો ચીકુને ભાવતી ચીજ એને મૂકીને ખાય જ નહીં. એટલે સરવાળે આ બધી ચીજોમાં ચીકુનો વ્યવસ્થિત ભાગ હોય જ. ચીકુ પોતાનો ભાગ ફટાફટ પૂરો કરી બીજા બધા પાસેથી પણ હપતા વસૂલ કરે. મીઠાઈ તેને એટલી ભાવતી કે તેને દવા પણ ગોળમાં લપેટીને આપતા. તે સરસ રીતે ખાઈ જતી.

* * *

એ દિવસોમાં ઘરમાં એક નાનકડી ઉંદરડી હળી ગયેલી. ચીકુને લીધે ઘરમાં રહે નહીં, પણ આંટો મારી જાય. આ ઉંદરડીમાં ચીકુને ભારે રસ. એ ઘરમાં દેખાય એવી જ ચીકુ ચારે પગે કૂદતી તેની પાછળ. ઉંદરડી ચપળતાથી ક્યાંક ભરાઈ જાય. ચીકુ અધીરાઈથી ત્યાં ફર્યાં કરે. મોટે ભાગે આ ખેલ રસોડામાં ભજવાય. મારે ઝડપથી પરવારવું હોય. ચીકુ આડી આડી આવે. હું ગુસ્સો કરું, 'ચીકુ, કામ કરવા દે.' ચીકુ મારી સામે જોઈ ગર્રર્ર કરે ને ઉંદરડી જ્યાં ભરાઈ હોય ત્યાં જઈ, હવામાં ગોળ ફરતી કૂદે. પાછું મારી સામે જોઈ ગર્રર્ર કરે. એનો અર્થ, 'ઉંદરડીને કાઢો.'

આવા મારા ખોટા ગુસ્સાની ચીકુ પર અસર ન થાય. પણ જો હું ખરેખર ગુસ્સે થાઉં તો જેના પર ગુસ્સે થઈ હોઉં તેને અસર થાય કે નહીં – ચીકુ થરથર ધ્રૂજતી કોઈ ખૂણો શોધી લપાઈ જાય. એનો આવો ડર જોયા પછી મેં મારા ગુસ્સા પર ખૂબ કાબૂ રાખવા માંડ્યો. અત્યારે હું ભાગ્યે જ ગુસ્સે થાઉં છું – આ નિયંત્રણ ચીકુને લીધે જ આવ્યું છે.

પણ જો આ ખેલમાં ઉંદરડી ગાફેલ રહી ગઈ તો ચીકુ એને મોંમાં પકડે. અમે ચીસાચીસ કરી મૂકીએ. ચીકુ તેને છોડી દે. ઉંદરડી બેહોશ જેવી જમીન પર પડી હોય. ચીકુ તેને પંજાથી ચત્તી પાડવા મથે. ફરી અમારી ચીસોનું કોરસ શરૂ

થાય એટલે ત્રાસીને ચીકુ જતી રહે. ઉંદરડી ધીરે ધીરે ચાલી જાય. ચીકુને કદાચ ઉંદરડીને મારવામાં રસ નહીં હોય. રમવું હોય કે પછી કુતૂહલ જાગતું હોય તેવી શક્યતા વધારે લાગતી. પણ બિચારી ઉંદરડી તો ડઘાઈ જતી, મરવા જેવી થઈ જતી. આવું બેત્રણ વાર બન્યા પછી ઉંદરડી આવતી બંધ થઈ ગઈ. અમે કહેતાં, 'ચીકુની ઉનીબેન રિસાઈ ગઈ.'

આવી જ ધમાલ એ વંદાને જોઈએ કરે. અમારું ઘર બીજે માળે હતું. ઘરમાં તો વંદા થવા ન દઈએ પણ ક્યારેક રાત્રે બારીમાંથી ઊડીને વંદો ઘરમાં આવે. મને વંદાની ભયંકર બીક લાગે. એને ઊડતો જોઉં કે જીવ તાળવે ચોંટે. હું બૂમો પાડું, ભાગાભાગ કરી મૂકું – આને કાઢો, જલદી કાઢો. સાથે ચીકુય કૂદતી હોય. વંદો માંડ ક્યાંક બેસે ને ઘરનું કોઈ એને ચંપલથી ફટકારવા કે નૅપ્કિનથી પકડવા જાય તે પહેલાં ચીકુ એને સૂંઘવા પહોંચી ગઈ હોય. ચીકુનું નાક અડે એટલે વંદો સરરર કરતો ઊડે ને હેલિકૉપ્ટરની જેમ રૂમમાં ચકરાવા મારે. નીચે હું દોડાદોડી કરતી હોઉં, સાથે ચીકુ ભસતી-કૂદતી હોય, બાકીના વંદાના શિકાર પર નીકળ્યા હોય. વંદો નીકળે નહીં ત્યાં સુધી ઘરમાં આ વાવાઝોડું ચાલે, પછી તો વંદો આવે ત્યારે મારી બૂમો બે રીતે પડે - 'વંદાને કાઢો' 'ચીકુને પકડો'. વંદાને નીકળવું કે ચીકુને પકડાવું તો હોય નહીં. વિશ્વયુદ્ધનું વાતાવરણ ઊભું થઈ જાય.

દિવસના ભાગમાં ઘર ખાલી હોય ત્યારે ચીકુ પ્લૅટફૉર્મ પર ચડે. ત્યાંથી કૂદીને બારીની ગ્રીલ પર ગોઠવેલી બાસ્કેટમાં બેસે. જતાઆવતાને ભસ્યા કરે. અમે જોયું કે ચીકુનું ભસવાનું ચાલુ થાય કે એક કૂતરો આવીને બારી નીચે કમ્પાઉન્ડમાં બેસે છે. ચીકુનો અવાજ કલાકો સુધી ભક્તિભાવે સાંભળે છે. અમે કહીએ 'ચીકુનો રોમિયો એની જુલિયેટને જોવા આવ્યો છે' – પણ ચીકુ જેનું નામ. ઝાડુવાળો કે વૉચમૅન કે પડોશી કે આ કૂતરો - તેને મન બધા સરખા. ભસવાની લહાણી સૌને ભેદભાવ વગર કરવી તે ચીકુનું પ્રિય કામ.

તેને નીચે ફરવા લઈ જઈએ ત્યારે પણ આ રસલ્હાણ ચાલુ જ હોય.

ઘરની પાછળ એક નાનો બાગ હતો. ક્યારેક અમે ચીકુને ત્યાં લઈ જતાં. ત્યાં ઘાસની લૉન હતી. ચીકુના નાના નાના પગ ઘાસમાં ખૂંપી જાય. લીલાં ઘાસ પર સફેદ ઊંચા કાનવાળું માથું, પીઠ ને પૂંછડી દેખાય. ઘાસની સળીઓ ચીકુના પેટ પર ગલીપચી કરે એટલે ચીકુ કૂદાકૂદ ને દોડાદોડ કરે. હસીહસીને અમારાં પેટ દુ:ખી જાય. ઘાસ કે પાંદડાં ચાખી જુએ. ચાવી જુએ. રચના કહે, 'ભટુરી'.

આ રસ્તા પર એક માણસ પોતાના આલ્સેશિયનને લઈને બેસતો. જબ્બર મોટું શરીર. આખી ચીકુ જેવડું માથું. ઉંમર મોટી હોય કે પછી બીમાર હોય, તે તેના માલિકની બાજુમાં બેઠો બેઠો સુસ્તીથી હાંફ્યાં કરતો.

ચીકુ તેને દૂરથી જુએ ત્યારથી તીણા અવાજે 'આંઉ આંઉ' શરૂ થઈ જાય. તેની બાજુમાંથી પસાર થઈને ફરી દૂર થઈ જઈએ ત્યાં સુધી ચીકુ પટ્ટામાંથી શરીર ખેંચી ખેંચીને 'આંઉ આંઉ' કર્યા કરે. આલ્સેશિયનના મોં પર કંટાળાનો ભાવ આવી જાય પણ તે બોલે નહીં. ચીકુની અવગણના કરતો હોય તેમ માથું બીજી તરફ ફેરવી લે. તેનાથી ચીકુને વધારે શૂર ચડે.

એક દિવસ આ રીતે 'આંઉ આંઉ' કરતી ચીકુ તેની નજીક પહોંચી. તે દિવસે આલ્સેશિયન વધારે કંટાળી ગયો હોય કે ગમે તેમ, તેણે ચીકુ સામે જોઈ ઘેરા, ભારે અવાજે મોટેથી 'હાઉ' કર્યું. એક જ 'હાઉ' ને ચીકુનો સૂર બદલાઈ ગયો. 'આંઉ આંઉ' માંથી 'ઇ...ઇ' 'વી...વી'. પૂંછડી નીચે ને ચીકુ ક્યાંય દૂર. ઘણા દિવસ સુધી ચીકુ એ વળાંકમાં વળવાનું પણ ટાળતી હતી !

અને સંગીત.

તમે શું ધારો છો - ચીકુને સંગીત ગમતું હશે ? જરા પણ નહીં. મને યાદ છે, રચનાએ વાયોલિન શીખવાનું શરૂ કર્યું હતું. પ્રૅક્ટિસ માટે અમે બજેટ બનાવી, પૈસા ભેગા કરી વાયોલિન ખરીદ્યું હતું. રચના એમાં પોતાની રીતે નવી સરસ ધૂન બનાવી વગાડતી હોય ત્યારે બેપાંચ મિનિટ ચીકુ સહન કરે, પછી એનો પારો જાય. જ્યાં હોય ત્યાંથી આવી રચુ સામે એચએમવી રેકૉર્ડ પરના કૂતરાની મુદ્રામાં બેસે અને છત તરફ મોં ઊંચું કરી રડે. કોઈ સાંભળે તો તેને લાગે આ લોકો બિચારા નાનકડા પ્રાણીને કેવો ત્રાસ આપે છે. જગજિતસિંહની ગઝલો એકાદથી વધારે સાંભળવાની થાય તો ભસાભસ કરી મૂકે. હું કે ગૌરવ ગાઈએ તો અમને ચૂપ કરવા થાય તે બધું કરી છૂટે. કંઈ ન ચાલે તો ગૌરવને કરડી લે અને બીજી ક્ષણે સંગીતભૂમિ સમરાંગણમાં ફેરવાઈ જાય. અમે ચીકુને 'ઔરંગઝેબ' કહેતાં. ઔરંગઝેબને સાચે જ સંગીત નહીં ગમતું હોય ? કોણ જાણે.

ચીકુ પોતાના ડૉક્ટરની ગલીનો વળાંક પણ બરાબર ઓળખે. સમયાંતરે તેને એન્ટિરેબિઝ ઇન્જેકશન અપાવવા કે વૅક્સિનેશન માટે ત્યાં લઈ જતાં. ચીકુની તંદુરસ્તી સરસ હતી. ક્યારેક ચામડીનું ઇન્ફેક્શન થતું તે સિવાય તે માંદી ન પડતી. ડૉક્ટરનો માણસ ચીકુના મોં પર એટલે કે નાકની આસાપસ એક દોરી બાંધે, અમે બે જણ મળી તેને પકડીએ ત્યારે ડૉક્ટર ચીકુને હાથ લગાડી શકે એવું તેનું જોર અને વિરોધ. રિક્ષામાં બેસવાનો ચીકુને એટલો શોખ કે રિક્ષા ઊભેલી દેખાય કે અંદર કૂદી પડે. પછી અડધું શરીર બહાર કઢી હવા ખાય, બધું જુએ પણ જેવો ડૉક્ટરવાળો રસ્તો પકડીએ ચીકુના કાન શંકાથી ટટ્ટાર થઈ જાય. ક્લિનિક પાસે તેને ઉતારીએ એટલે એને ભાગી જ જવું હોય. એક વાર પટ્ટામાંથી માથું ખેંચીને ભાગી પણ ગયેલી. વછૂટેલા તીરની જેમ દોડતી ચીકુ, તેની પાછળ દોડતા ત્રણ ચાર કૂતરા, તેની પાછળ દોડતી મને જોઈને એક છોકરાએ સ્કૂટર રોકી મને પાછળ

બેસાડી એટલે ચીકુ અને કૂતરા પાછળ અમારું સ્કૂટર, હું બૂમો પાડ્યા કરું - 'ચીકુ, સ્ટૉપ...' જતા આવતા લોકો આ દૃશ્ય જોઈ અટકી જતા હતા. એક માણસે કૂતરા અને ચીકુ વચ્ચે પોતાની સાઇકલ નાખી. કૂતરા બીજે વળી ગયા. થાકી ગયેલી ચીકુ ધીમી પડી અને અમારું સ્કૂટર તેને આંબી ગયું ત્યારે આ દિલધડક રેસનો અંત આવ્યો. પાંચેક મિનિટમાં આખો ખેલ પૂરો થઈ ગયો હતો, પણ તેની યાદથી આજે પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે. આ ઘટના પછી હું કદી એકલી ચીકુને ક્લિનિક પર નથી લઈ ગઈ.

ચીકુને અમારાં કપડાં પર બેસવું ખૂબ ગમતું. કબાટ ગોઠવવા કે કોઈક પ્રસંગ પર જવા તૈયાર થવા માટે કપડાં કાઢ્યાં હોય તો ચીકુ તેના પર ચડીને બેસી જાય. પછી ઊઠે જ નહીં. ઊંચકીને લેવી પડે. અને બહારગામ જતી વખતે બૅગ ગોઠવવાની થાય ત્યારે તો તેને ખૂબ મસ્તી આવે. કૂદાકૂદ, વચ્ચે આવવું, ઇસ્ત્રીવાળાં કપડાં ચોળી નાખવાની એને ખૂબ મઝા આવતી. રૂમ બંધ કરીને પૅકિંગ કરવું પડે.

ચીકુના ધબકારા ખૂબ ઝડપી હતા. આપણા હૃદય કરતાં ચારગણી ઝડપે તેનું હૃદય ધબકે. રચનાનું સ્ટેથોસ્કોપ તેની છાતી પર મૂકી અને તેના ધબકારા સાંભળતા. એ શાંતિથી પડી રહે. સ્ટેથોસ્કોપ મુકાય કે તેનો તાવ માપવા પગના મૂળમાં થરમૉમીટર મૂકીએ કે પછી આંખમાં ટીપું નાખવાનું હોય, ક્રીમ લગાડવાનું હોય ત્યારે તે સ્થિર રહી બધું કરવા દે. વીઆઈપી ટ્રીટમેન્ટને બરાબર માણે. પણ જો કામ સાફ કર્યા કે દવા પિવડાવી તો ખલાસ. તીરની જેમ ભાગી છૂટે. કેમે પકડાય નહીં. તેને ગોળી ખવડાવવાની હોય ત્યારે અમે ગોળી પર ગોળ લપેટીને જાડો થર કરીને આપતા. તે પણ ચાલાક એવી કે ક્યારેક તો ખાઈ જાય, ક્યારેક ગોળ ખાઈ જાય ને ગોળી કાઢી નાખે. આવું પરાક્રમ કર્યા પછી પાછી તે જુએ કે કોઈએ તેની નોંધ લીધી કે નહીં.

● ● ●



# 6

# દાદાગીરી

કૅલેન્ડરનાં પાનાં ફરફર ફરી ગયાં. કૅલેન્ડર પણ નવાં આવી ગયાં. રચના-ગૌરવ તરુણાવસ્થામાં પ્રવેશી ચૂક્યાં હતાં. ઉંમર તો એમને સરસ શોભતી હતી, પણ મને થોડી ચિંતા થયા કરતી. આટલું મોટું શહેર, જાતજાતનાં પ્રલોભનો – સ્થિર રહીને કરકિર્દી બનાવવાનું સહેલું ન હતું.

સાથે મને ચીકુ વિશે પણ વિચાર આવવા લાગ્યા. એની મા બનવાની ઉંમર તો ક્યારની થઈ ગઈ હતી. મને એ દિવસ યાદ આવ્યો જ્યારે ચીકુને પહેલી વાર પિરિયડ આવ્યો હતો. લોહી જોઈ ગૌરવે ઘર માથે લીધું હતું 'ચીકુને કંઈક વાગી ગયું છે. તમે કંઈક કરો'. હું તેને શાંત કરવા પ્રયત્ન કરતી હતી પણ એ સાંભળવા જ તૈયાર નહીં. રચના કૉલેજમાં ગઈ હતી. છેવટે મેં મોટો અવાજ કાઢી ગૌરવને ચૂપ કર્યો. 'અહીં બેસ. સાંભળ.' કહીને મેં બને તેટલી સાદી ભાષામાં પિરિયડ્ઝ વિશે સમજાવ્યું હતું. તે ઠરી ગયો હતો. મેં કહ્યું , 'આ નૉર્મલ છે. મને ને રચનાને પણ આવું થાય છે. દરેક ફિમેલ ઍનિમલને આવું થાય. એ ન થાય તો ચિંતા કરવી પડે. ચીકુ નૉર્મલ છે. હવે એ બચ્ચાંને જન્મ પણ આપી શકશે. સમજ્યો ?'

ત્યારે તો તે ગંભીર, ચૂપ થઈ ગયો. પછી એકબે વાર તેણે અને રચનાએ 'ચીકુનાં બચ્ચાં' માટે ઇચ્છા પ્રગટ કરી. પણ ચીકુ માટે સાથી મેળવવો, મેટિંગ, ગર્ભાવસ્થા, પ્રસૂતિ, બચ્ચાંને સંભાળવાં – ત્યારે આટલા મોટા પડકાર માટે હું

તૈયાર ન હતી.

પણ હવે મને વિચાર આવતો હતો કે ચીકુને પણ શરીરસંબંધની, બચ્ચાની ઇચ્છા થતી તો હશે. એ બધું એને મળવું જોઈએ.

અમે એના ડૉક્ટરને વાત કરી. ચીકુના વૅક્સિનેશન, ઍન્ટિરેબિઝ (એ કોઈને કરડે તો તેને હડકવા ન થાય તે માટે અપાતાં ઇંજેક્શન) કે નાનીમોટી તબિયતની ફરિયાદો માટે પ્રાણીઓના ડૉક્ટરની જરૂર પડતી.

'કંઈ મુશ્કેલી નથી. એક ફૅમિલી પાસે મેલ ડૉગ છે. તમારી પાસે ફિમેલ ડૉગ છે. બંનેને મેળવો. દોસ્તી થઈ જશે. બચ્ચાં પણ થઈ જશે. પછી તમારે એક બચ્ચું તે પરિવારને આપવાનું.'

'ના'. બધું સાંભળતાં રચુ-ગૌરવે વિરોધ કર્યો. મેં એમને કહ્યું 'આપીશું કારણ કે - બીજાં જે બેત્રણ હશે તે તો આપણી પાસે રહેશે ને ?' વિરોધ ઓસર્યા પછી તેમને જ્ઞાન થયું.

એ પરિવાર - પ્રૌઢ પતિપત્ની – એમનો ડૉગ લઈ અમારે ત્યાં આવ્યાં. સરસ લોકો હતાં. એમનો પ્રિન્સ પણ ઊંચી ઓલાદનો પોમરેનિયન હતો. તંદુરસ્ત, ભરાવદાર શરીર, માયાળુ આંખો. ગમી જાય તેવો ચહેરો.

પણ ચીકુને તે ન ગમ્યો. પેલા બિચારાં બે કલાક બેઠાં પણ ચીકુ સતત પ્રિન્સ સામે જોઈને ભસતી રહી. પ્રિન્સ, પત્નીના કકળાટને મૂંગા મોંએ સહેતા પતિ જેવું મોં કરી બેઠો રહ્યો. ચીકુના ભસવાની અમને શરમ આવતી હતી. એ ભલાં બહેન કહે, 'કોઈ બાત નહીં. ઐસા હોતા હૈ. આપકી ચીકુ બહોત પ્યારી હૈ.'

તે પછી બેત્રણ વખત અમે ચીકુ અને પ્રિન્સને ભેગાં કર્યાં. પ્રિન્સને થોડો રસ પડતો, પણ ચીકુના ભસવાથી એ નજીક આવતો અટકી જતો. એક વાર અમે ચીકુને પ્રિન્સને ઘેર પણ લઈ ગયાં. ત્યાં ચીકુ સોફા પર ચડીને ભસી, પ્રિન્સને ઉતારી મૂક્યો. તે પ્રિન્સનું ખાવાનું ખાઈ ગઈ. એ પછી પણ પ્રિન્સ દોસ્તી કરવા માગતો હતો, પણ ચીકુએ દાદ ન જ દીધી. અમે અને પેલાં પતિપત્ની થાક્યાં. છેલ્લી મુલાકાત વખતે મેં કહ્યું, 'સૉરી...' પેલાં બહેન દિલથી બોલ્યાં, 'કોઈ બાત નહીં, ઐસા હોતા હૈ. આપકી ચીકુ બહોત પ્યારી હૈ. ઉસે ડાંટના નહીં.'

તો પણ હું ચીકુને વઢી તો ખરી. 'આટલો સરસ સાથી તને ક્યાં મળવાનો હતો. ભસ-ભસ કરવામાંથી નવરી ન થઈ તું. જરા એક વાર એને જોવો હતો તો ખરો.' એ લોકોના ચાલ્યા જવાથી ખુશ થયેલી ચીકુએ મારાં આટલાં વાક્યો માંડ સાંભળ્યાં. પછી ઠેકડો મારી ભાગી ગઈ.

ચીકુને પિરિયડ આવવા શરૂ થયા ત્યારથી ગૌરવ પણ શાંત થઈ ગયો હતો. હાથોહાથની મારામારી પર હવે તેઓ આવતાં નહીં. પણ ઝઘડવાની ચળ બંનેને

આવતી. ઘણી વાર ચીકુ અચાનક ટટ્ટાર થઈને ઘર્રર્રર કરે. હું પાછળ જોઉં તો ગૌરવ ભ્રમર ઊંચી કરી ડોળા કાઢતો હોય કે નાક ફુલાવતો હોય. પકડાઈ જાય એટલે હસીને ચાલ્યો જાય. એનો સ્વભાવ વધારે ને વધારે ગંભીર, અંતર્મુખ થતો જતો હતો. ઘરની પરિસ્થિતિ પણ એવી હતી. કેવી રીતે બધું પાર પડશે તે સમજાતું ન હતું. રચના-ગૌરવ ગમે તેમ હિંમત રાખતાં હતાં પણ અંદરથી તૂટતાં હતાં. હું પણ તૂટવા માંડી હતી. બંનેને એક જ વાત કહેતી, 'ગમે તેમ કરી સારું ભણી લો. પછી આપણા દિવસો ફરશે.' તેઓ સ્મિત કરતાં. હું પણ. પણ અમારું આ હસવાનું હજારો રુદન કરતાં વધારે કરુણ લાગતું. ચીકુ તો આ કંઈ સમજે નહીં, પણ તેનાં તોફાન, તેની મસ્તીભરી હરકત વાતાવરણને હળવું અને આનંદપૂર્ણ કરી દેતાં હતાં. જેમ કે રચના બહારથી આવે એટલે ચીકુ પહેલાં તો તેને ચાટે, તેની આસપાસ ઉં ઉં કરતી કૂદે ને પછી તેની બૅગમાં મોં નાખે. ગૌરવ આવીને બૂટ કાઢે એટલે ચીકુ તેના બૂટમાં મોં નાખે. મોજું મળે તો મોંમાં લઈ કૂદે ને ક્યાંક મૂકી આવે. બીજે દિવસે શોધવું ભારે પડી જાય. એ લોકો વાંચતાં હોય તો ખુલ્લી ચોપડી પર બેસી નાકને નાક અડાડે. નહીં તો પછી ટેબલ પર કે પ્લૅટફૉર્મ પર બેસીને વાંચવાનું પૂરું ન થાય ત્યાં સુધી ઝોકાં ખાતી ખાતી કંપની આપે. વાંચતાં વાંચતાં છોકરાંઓ નાસ્તો કરે તો તે પણ ભેગી કડકડ કરતી ખાય. એ લોકો શરીર છૂટું કરવા આંટો મારે તો પોતે પણ કૂદીને સાથે ચાલે. એ લોકો બાથરૂમમાં જાય તો ચીકુ બંધ બારણાની બહાર ઊભી ઊભી રાહ જોતી હોય. આવું સતત ચાલ્યાં કરે. નવાં તોફાન, નવું વહાલ, નવાં લાડ. 'નવરું ધૂપ છે!' રચના-ગૌરવ તેને ખોળામાં લેતાં હસી પડે.

ત્યારે મહાભારત સિરિયલ ચાલતી હતી. રચનાએ 'એકપતિવ્રતા' શબ્દ સાંભળ્યો ને તેને ગમી ગયો. તેણે ગૌરવ માટે એટલે કે ગૌરવના સંદર્ભે ચીકુ માટે શબ્દ બનાવ્યો 'એકગૌરવવ્રતા'. - ફક્ત ગૌરવને કરડવું એવા વ્રતવાળી.

શબ્દ સાચો હતો. ચીકુએ ભૂલમાં કે ડરમાં ક્યારેક એકબે વ્યક્તિને કરડી લીધું હોય તે ભલે, બાકી કરડવાનો આનંદ, કરડવાનો શોખ એણે ગૌરવમાં જ પૂરો કર્યો હતો. ગૌરવને અને તેને ઝઘડા થયા હોય ત્યારે તો બાકાયદા ગૌરવને કરડવાનું, પણ કોઈ વઢ્યું હોય, પોતાનું ચાલ્યું ન હોય, ઇચ્છા પૂરી ન થઈ હોય – ત્રાસેલી મા નાનાં બાળકોને વાંક વગર ઢીબી નાખે એમ ચીકુ પોતાની દરેક અકળામણનો ઇલાજ ગૌરવમાં શોધે. કંઈ પણ બને, જઈને એને કરડી આવે. એની હથેળી, આંગળીઓ અને પગના પંજા ચીકુના ફેવરિટ. વર્ષો સુધી એના પર ચીકુના દાંતનાં નિશાન રહ્યાં છે!

આ ગાળામાં મને ટ્યૂશન મળતાં ઓછાં થયાં. હું એનાથી કંટાળી પણ હતી. રચના-ગૌરવને હવે સતત મારી હાજરીની જરૂર ન હતી. મેં નોકરી શોધવા માંડી, પણ મારી અને દુનિયાની વચ્ચે 15-20 વર્ષનો ગાળો પડી ગયો હતો. માંડ વિરારથી

આગળ એક સ્કૂલમાં નોકરી મળી. સ્કૂલ સારી હતી, પણ જવા-આવવાનું ઘણું અટપટું હતું. ત્યાં વર્ષ પૂરું થાય તે પહેલાં 'નવનીત સમર્પણ'માં નોકરી મળી. સવારે ચાર જણનું રાંધીને જવાનું. નોકરી, ત્યાર પછી ખરીદી, સાંજની રસોઈ, ઘરની વ્યવસ્થા અને કૉલેજ જતાં રચુ-ગૌરવની સાથે આખા દિવસની વાતો કરવી-સાંભળવી. દોડતી રહેતી તોય પૂરું ન પડાતું.

આ બધાંમાં ચીકુનું પણ બરાબર ધ્યાન રાખવું પડે. ખાવા-પીવા-નવડાવવા વગેરે કરતાંય એને જોઈતું હોય એટેન્શન. વહાલ. આપણું વહાલ મોટે ભાગે મનમાં રહેતું હોય છે. જેના માટે વહાલ હોય તેના માટે મહેનત કરી લેતા હોઈએ, પણ એ વહાલ દેખાડવાની કલામાં પાછા પડીએ તેવું બને છે. પતિ પત્નીને કે મા-બાપ સંતાનોને અમસ્તા અકારણ પાસે લઈ લે, પંપાળે, ચૂમે, થાબડે આવું બધું 'ભઈસાબ, આપણને ન આવડે.' પણ ચીકુ જેનું નામ. એને પ્રેમ વ્યક્ત કરવો હોય અને આપણી પાસે વ્યક્ત પણ કરાવવો હોય. પોતે તો પોતાની રીતે સરસ વ્યક્ત થાય. પણ જો આપણે ચૂક્યા તો એ પણ ન ચલાવે.

મને યાદ છે, સાંજે હું ઘેર આવું ત્યારે ગૌરવ કૉલેજથી આવી ગયો હોય. તેની સાથે વહાલ અને કૂદાકૂદનું એક સેશન પતી ગયું હોય. ગૌરવ સાથે દૂધ--નાસ્તો કર્યાં હોય. એને ખ્યાલ હોય જ કે હવે હું આવીશ. અમારા પાછા આવવાના સમય ખબર નહીં કેવી રીતે પણ ચીકુના મનમાં નોંધાયેલા રહેતા. જો એ સમય કરતાં કોઈને મોડું થાય તો ચીકુ અધીરાઈથી રૂમમાં ફર્યાં કરે. બારણા પાસે જાય ને પાછી આવે અને ઘરમાં જે હોય એનું કોઈક રીતે ધ્યાન ખેંચે. અમે એની આંખો, હલનચલન અને અવાજને બરાબર સમજતાં.

હું સાંજે પાછી આવું ત્યારે થાકી હોઉં. હાથમાં ખરીદીના થેલા હોય. રસ્તામાં વિચાર્યું હોય કે શું જમવાનું કે નાસ્તો બનાવવાનાં છે. ઘેર આવું ત્યારે કરવાનાં કામ આંખ સામે નાચતાં હોય. આ બધાંમાંથી ક્યારે રચુ-ગૌરવ સાથે વાતો કરવા મળશે તેની અધીરાઈ પણ હોય.


આમાં જો કૂદતી કૂદતી સામે આવેલી ચીકુને તેડવાનું, વહાલ કરવાનું રહી જાય તો ચીકુ ગુસ્સે પણ થાય, દુઃખી પણ થાય. તરત પાછી ફરી સોફા નીચે ક્યાંક ભરાઈ જાય. મને તરત ખ્યાલ તો આવે, કે પછી ગૌરવ ધ્યાન દોરે, 'ચીકુને લે' - એટલે હું એને શોધું, પુચકારું, બોલાવું. એ મોં ફેરવી જાય કે પછી ઠપકો આપતી મોટી મોટી આંખો મારી આંખમાં પરોવે. 'આંખમાં આંખ પરોવવી' એટલે શું એ તે બરાબર જાણે. આવે તો નહીં જ. હું વાંકી વળી માંડ સોફા નીચેથી એને ખેંચું તોય શરીર અક્કડ રાખે. ખૂબ મનાવું, વહાલ કરું, 'રચુ-ગૌરવ પછી, તું જ મારું પહેલું બચ્ચું' આવું કેટલીય વાર કહું ત્યારે માને.

આ રીતે ઘવાઈ હોય તે સિવાય તેનો સ્વભાવ રિસાવાનો ન હતો. તોફાન

અને આનંદ એ તેનો સ્થાયી ભાવ હતો. સરખું સચવાતાં તંદુરસ્ત બાળકો જેવી તે ચંચળ અને ખુશખુશાલ રહેતી. બહારના લોકો સાથે તેને મઝા ન આવતી, પણ રચના-ગૌરવના બે ચાર મિત્રો તેમાં અપવાદ હતા. એ લોકો આવે એટલે ચીકુ કૂદીને તેડાઈ જાય, ખોળામાં ચડી જાય અને ધમાલ કરે. બધાંની વાતો ચાલતી હોય ત્યારે વચ્ચે બેસવામાં એને ભારે રસ. ખુરશી કે પલંગ પર બેસીને એ જે બોલતું હોય એના મોં સામે જુએ. બીજું બોલે એટલે તેની સામે જુએ. કોઈનું ચીકુ પર યાન જાય તો 'ગર્રર્ર' કે 'આંઉ' કરી પોતાનું મંતવ્ય આપે. એ બધાની બૅગ સૂંઘી આવે. ગૌરવ કહે, 'પંચાતણી'- પણ ચીકુ મનપસંદ વ્યક્તિઓ પર અધિકાર જમાવવામાં પાછી ન પડે. દરેક સાથે પોતાની રીતનું પ્રત્યાયન - કોમ્યુનિકેશન એને ફાવે.

જિંદગીને સ્વીકારવી, આનંદની પળો શોધી લેવી, સહજ સ્વાભાવિક રહેવું અને ગ્રંથિઓથી મુક્ત રહી અકારણ ચાહવું – આ બધું રચના-ગૌરવ ચીકુ પાસેથી સહેજે સહેજે શીખ્યાં. આજે એ બંને સારું ભણ્યાં ને સારી રીતે ગોઠવાયાં ઉપરાંત માનવીય ગુણોથી ભરેલાં છે, એનો ઘણો યશ ચીકુને છે. ચીકુ અમારા માટે 'નેવર ડાઇંગ સ્પિરિટ'નું શાશ્વત ઉદાહરણ રહી છે.

● ● ●



# 7

# વળાંક

બધાં હવે મોટાં થયાં હતાં.

ચીકુને બાર વર્ષ થયાં હતાં. પ્રૌઢાવસ્થા ગણાય. ચીકુ અવસ્થાબવસ્થાને ગણકાર્યા વિના એ જ એનાં તોફાનમસ્તી - ભસવાકૂદવાના આનંદમાં મગ્ન હતી. અમે તેને કહેતા, 'પરમેનન્ટ પપી.' દીપક ચોપરાના એક પુસ્તક 'એજલેસ બોડી, ટાઇમલેસ માઇન્ડ'નું હું ભાષાંતર કરી રહી હતી. તેના પરથી રચના-ગૌરવ ચીકુ માટે 'એજલેસ માઇન્ડ, માઇન્ડલેસ બૉડી' એવા શબ્દો વાપરતાં જે તે થનગન થનગન થતી સાંભળતી.

પણ ઘર પર વાદળાં ઘેરાતાં હતાં.

રચના એમબીબીએસ થઈ, એક વર્ષ ગામડામાં કામ કરી આગળ અભ્યાસ કરતી હતી. ગૌરવ એન્જિનિયર થવાની તૈયારીમાં હતો. એક-બે વર્ષ પછી બંને પોતાની પાંખે પોતાનું આકાશ શોધવા નીકળી પડશે. મારો પ્રેમ એમનું બળ બને, બેડી નહીં એ રીતે હું મારા મનને તૈયાર કરતી જતી હતી. આ ચાર દીવાલની બહાર આછાઘેરા રંગોથી ભરેલી જે વિશાળ દુનિયા છે તેમાં પોતાની રીતે પગ મૂકવો એમાં મહેનત કરવી પડે છે, પણ તેનો એક આનંદ હોય છે, તેનાથી એક શ્રદ્ધા જિંદગી પરત્વે જાગતી હોય છે. રચના-ગૌરવ પોતાની જિંદગીના આ વળાંકને

કૌવતથી માણે એવું હું ખૂબ ઇચ્છતી. આ વળાંક તેમને મુંબઈની બહાર પણ લઈ જઈ શકે.

કેટલાક નિર્ણયો મારે પણ લેવાના હતા.

* * *

એ સમય આવતાં વાર ન લાગી. રચનાને દિલ્હીમાં કામ મળ્યું. ગૌરવને બેંગાલુરુમાં. મારે પણ મારી એ જિંદગી જોઈતી હતી, જે મને આજ સુધી જીવવા મળી ન હતી. જે સંબંધ કદી બંધાઈ ન શક્યો તેમાંથી નીકળી જવું હતું.

અમે ત્રણે એક સાંજે બેઠાં. મેં રચુ-ગૌરવની સલાહ લીધી. આ તો મુંબઈમાં ઊછરેલી, કમ્પ્યૂટર-ઇન્ટરનેટથી નાની બનેલી દુનિયાના પ્રવાહો ઝીલેલી નવી પેઢી. તેમની સંમતિ મળતાં મેં એમના ડેડી પાસે, બંને પરિવાર પાસે છૂટા પડવાની વાત મૂકી.

બધા જાતજાતના પ્રત્યાઘાતો-પ્રતિભાવો પછી મેં ઘર છોડ્યું. રચના-ગૌરવે ભાડાનું ઘર શોધી આપ્યું.

* * *

એ દિવસ હું કદી નહીં ભૂલું. મેં સામાન બાંધ્યો હતો. એક કબાટ, એક દીવાન, બે ખુરશી, બે ગાદી, ત્રણ ઓશીકાં – મોટી આઠદસ પ્લાસ્ટિકની થેલીઓમાં થોડાં વાસણ, પુસ્તકો, કપડાં અને પરચૂરણ ચીજો.

ચીકુ આ બધાં વચ્ચે કૂદાકૂદ કરતી હતી. એને ખબર પડી ગઈ હતી કે ક્યાંક જવાની તૈયારી ચાલે છે. ઘરમાં રોજ કરતાં જુદી હલચલ થાય તો ચીકુ રઘવાઈ થઈ જાય છે.

ટ્રક આવી. પંદર મિનિટમાં બે મજૂરોએ સામાન ટ્રકમાં ચડાવ્યો. ત્રીસ વર્ષ જૂના, અનેક સુખોદુઃખોથી હાંફતા સંબંધને, જે ઘરમાં રચુ-ગૌરવનું બાળપણ વીત્યું તે ઘરને અલવિદા કહેવાની ઘડી ખૂબ કપરી હતી. છતાં ધાર્યા જેવી આકરી પણ ન હતી. જાણે ઘટના બાહ્ય સ્તરે જ બની રહી છે. અંદર તો ઘટનાઓનો કાફલો પસાર થઈ ગયા પછીનું રણ છે.

તો પણ આ ક્ષણ ભારેખમ હતી. માથું ફાટેલું હતું. ડૂમો ભરાઈ ગયો હતો. ભરત પણ આઘાત પામી ગયેલા હતા.

સામાન ભરેલી ટ્રકમાં અમે ગોઠવાયાં અમે એટલે હું, રચના, ગૌરવ, ચીકુ અને મારો ભાઈ પરાગ. બિલ્ડિંગ, પરિસર છોડી ટ્રક મુખ્ય રસ્તા પર આવી. એક તપતો રસ્તો પાછળ લંબાયેલો છે, એક તપતો રસ્તો આગળ ફેલાયેલો છે.

રચુએ ધીરેથી ચીકુને મારા ખોળામાં મૂકી, બળતી આંખોમાંથી બે ત્રણ

ટીપાં ચીકુની રુવાંટી પર ખર્યાં, ચામડી થથરાવી એણે પોતાની ભોળી ભોળી મોટી આંખોથી મારી સામે જોયું અને એની ખાસ રીતથી મારા ખોળામાં ઘૂસી.

* * *

નવી જગ્યાએ નવું જીવન શરૂ થઈ રહ્યું હતું. રાહત, ઉચાટ, ઊખડેલા હોવાની અનુભૂતિ અને આશા બધું એકસાથે મગજમાં ઘૂમતું હતું. મારો ભાઈ ઘર બદલાવવા ખાસ આવ્યો હતો. તે અને રચના-ગૌરવ ગયાં. મા થોડા મહિના માટે આવી.

ચીકુને નવી જગ્યાએ આવવાથી શું થયું હશે ? પ્રાણીઓ નવા ફેરફારને માણસ કરતાં વધારે ઝડપથી સ્વીકારી લે છે એ મેં વાંચ્યું હતું. એક બહેને પોતાનો અનુભવ એમાં ટાંક્યો હતો. તેમની પાળેલી બિલાડીને બચ્ચાં આવ્યાં. સહજ સ્ફુરણાથી બિલાડીએ બચ્ચાંને જન્મ આપ્યો ને પાલનપોષણ કરવા માંડ્યું, પણ એ બચ્ચાં એક પછી એક કોઈ કારણથી મરી ગયાં. એ બહેન લખે છે, ‘અમને આઘાત લાગતો. બિલાડી તો મા એટલે ખૂબ રઘવાઈ થઈ જતી. ચારેબાજુ બચ્ચાને શોધ્યા કરતી પણ પછી આઘાતમાંથી બહાર આવવામાં એ જ પહેલી થતી.’ આપણે વિચારબળથી જીવીએ છીએ, પ્રાણીઓમાં સ્ફુરણાનું બળ વધારે હોય છે એટલે આમ થતું હશે.

ગમે તેમ, ચીકુએ આવતાંની સાથે ઘરમાં ઘણાં બધાં ચક્કર લગાવી લીધાં. સામાન ગોઠવવામાં વચ્ચે વચ્ચે આવીને, મજૂરોને ગભરાવીને વાતાવરણ હળવું પણ રાખ્યું. સામાન ઉપર પહોંચે એ પહેલાં 84 ફ્લૅટની સોસાયટીનાં બાળકોમાં ખબર ફેલાઈ ગઈ- ‘નયે રહને આયે હૈં ઉનકે પાસ કુત્તા હૈ.’

મજૂરોને પૈસા આપી ઘર બંધ કરીએ ત્યાં બાળકોની એક ગેંગ હાજર થઈ. ‘ઈસકા નામ ક્યા હૈ ?’ ‘હમ ઉસ કે સાથ ખેલેં ?’ માંડ વળાવ્યાં.

દૂધ પી ચીકુએ બાથરૂમ શોધી કાઢ્યું. મને હતું નવેસરથી ટૉયલેટ હેબિટ પાડવી પડશે. પણ એની જરૂર ન પડી. કોઈ સ્ફુરણાથી એણે બાથરૂમ શોધી કાઢ્યું. કદી ઘર ન બગાડ્યું.

ચીકુને કબાટના ખાનામાં બેસવું ગમતું. ઘણી વાર તે ક્યાંય ન મળે તો અમે કબાટ ખોલી જોતાં તો તે નીચેના ખાનામાં ચડીને બેઠી હોય. તેને ઘરના લોકોના કપડાંમાંથી એમની સુગંધ આવે. વ્યક્તિ હાજર ન હોય તો પણ આનાથી તે એક સુરક્ષાનો અનુભવ કરી શકે એમ કહી ડૉક્ટરે અમને એ પણ કહેલું કે કબાટનું નીચેનું ખાનું બેચાર વધારાનાં કપડાં મૂકી ખાલી રાખવું જેથી તેને ઇચ્છા થાય ત્યારે બેસી શકે.

અહીં પણ મેં એને એક ખાનું ખાલી કરી આપ્યું. એમાં રચુ-ગૌરવનાં કપડાં મૂક્યાં, ચીકુને પણ મૂકી. એને સમજ તો પડી કે આ ખાનું એના માટે છે, પણ એને

એ ખાનું બહુ જામ્યું નહીં. એણે બીજા રૂમમાં, બીજા એક કબાટનું ખાનું પસંદ કર્યું. ત્યાંનો સામાન કાઢી લઈ મેં તેમાં એક ગાદી અને રચના-ગૌરવનાં એક એક જોડી કપડાં મૂક્યાં. ચીકુને એનું આ ઘર ગમ્યું. અહીં આવ્યાં પછી બહુ થોડો વખત ચીકુ કૂદીને ખુરશી પર કે પલંગ પર ચડી શકી હતી. કબાટનું ખાનું એ જ તેનો મનગમતો આશ્રય હતો.

ઘર અમને બધાંને ફળ્યું. બહુ ઝડપથી અમારી જિંદગી ગોઠવાતી આવી. ચીકુ હવે ઘડપણના ઉંબરે આવીને ઊભી હતી. તેની દૃષ્ટિ, સાંભળવા-સૂંઘવાની શક્તિ ક્ષીણ થતાં હતાં. કૂદવાનું, ભસવાનું ઓછું થયું હતું. એ સિવાય વાર્ધક્યની કોઈ નિશાની એના શરીર પર નહોતી દેખાતી. ચહેરો પણ સુરેખ અને તાજગી-ભર્યો હતો. તેમાં ચમકતી મોટી નિર્દોષ આંખોમાં તોફાન ઓછું થયું હતું, પણ એક જાતની પ્રેમપૂર્ણતા નીતરતી રહેતી. ગૌરવ ઘેર આવતો ત્યારે કહેતો, 'મમ્મી, તું અને ચીકુ એકસરખી રીતે મારી સામે જુઓ છો.'

ધીરે ધીરે એ વધુ ને વધુ શાંત થતી ગઈ. અહીં પણ બૉક્સગ્રીલ વાળી બારી હતી. તેની પાળી તેને ઊંચી પડતી. ગૌરવે તેને પલંગ પરથી એક સ્ટૅન્ડ પર, ત્યાંથી પાળી પર ને ત્યાંથી બૉક્સગ્રીલમાં તેને માટે ગોઠવેલી લાદી પર કેવી રીતે જવું તે બતાવ્યું હતું. તે એ રીતે ત્યાં પહોંચતી. ત્યાંથી કમ્પાઉન્ડ, બિલ્ડિંગનો મોટો ગેટ અને તેની સાથેનો રસ્તો આમ ઘણું દેખાતું. પક્ષીઓ ઊડતાં હોય, વૃક્ષોનાં પાંદડાં પવનમાં ફરકતાં હોય. બાળકો રમતાં હોય, માણસો જતા-આવતા હોય. ચીકુ ઘણી વાર સુધી આ બધું જોતી રહેતી. ભાગ્યે જ ભસતી.

મહેમાનો આવે ત્યારે જરા અમસ્તું ભસી તે પોતાના ખાનામાં ચાલી જતી. નહાતી વખતે પણ વિરોધ ન કરતી. ગરમીમાં એ જે રૂમમાં હોય તેનો પંખો હું ચાલુ રાખતી. તે ગાદી પર કબાટમાં કે પછી જમીન પર શરીર ફેલાવી આરામ કરતી.

* * *

હું અને ચીકુ હવે એક વિશેષ રીતે નજીક આવતાં હતાં. જાણે અભિન્ન અસ્તિત્વ. 'જન્મભૂમિ'ના તંત્રીવિભાગમાં મારી નોકરી હતી. ઘણા કલાક હું બહાર હોઉં - એ દરમિયાન એને એકલું લાગતું હશે, હું તેને માટે મૂકી ગઈ હોઉં તેનાથી વધારે કે તેનાથી જુદું ખાવાનું મન થતું હશે, પ્રેમ અને એટેન્શન ઓછાં પડતાં હશે - પણ તેણે ફરિયાદ કરવાનું કે રિસાવાનું છોડી દીધું હતું. તે વૃદ્ધાવસ્થાની તકલીફ-માંથી પસાર થઈ હતી, મારા અસ્તિત્વ પર સમયે કરેલા ઘા હજી તાજા હતા. અમે બંને જાણે એકબીજાની સ્થિતિ સમજી ગયાં હતાં. એકબીજાને આધાર પણ આપતાં અને એકાંત પણ. આ એવો તબક્કો હતો જ્યારે પોતાની જાત સાથે મૌન અને અંગતતા જ ઉપાય હતાં. કોઈની વધારે હાજરી પણ સહન ન થતી. એવે વખતે ચીકુનું હોવું બધી રીતે ઉપકારક હતું. મૌનસાથ કેવી રીતે અપાય તે ચીકુ પાસેથી

હું શીખી રહી હતી. હું પણ તેને એ જ આપવાનો પ્રયત્ન કરતી. તે આ સમજતી. ધૈર્ય સાથેની સમજ હતી એ. હું ચોક્કસ માનું છું કે કોઈ માણસ આ સમજ, આ સાથ ન આપી શકે. માણસની હાજરી બહુ વાચાળ હોય છે. તેના પ્રેમમાં આક્રમણ ને અતિક્રમણનું તત્વ થોડું પણ આવી જ જાય છે. સાથે રહેનાર વ્યક્તિ પ્રત્યે એક જાતની જવાબદારી અનુભવાય છે. જિંદગીમાં એવા તબક્કા આવે છે જ્યારે એકલું રહેવાનું આકરું લાગતું હોય. પણ કોઈની હાજરીનું વજન ઊંચકવાનું એનાથી પણ વધારે આકરું લાગતું હોય. નિતાંત મૌન, પોતાનામાં ઊંડા ઊતરવાની અનિવાર્યતા, એને માટે જોઈતી હિંમત મારે ભેગી કરવાની થઈ ત્યારે ચીકુ મારી સાથે હતી. હું મારામાં ડૂબેલી હોઉં ને ચીકુ ચૂપચાપ બાજુમાં બેઠી હોય. એની હાજરી મને મારી વીખરાયેલી જાત એકઠી કરવામાં મદદરૂપ થતી એવું કહું તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. આવી લાગણી મને માત્ર મારી માની હાજરીમાં અનુભવાઈ છે. ચીકુ મારી શું હતી ? બચ્ચું ? મિત્ર ? સાથી ? – કોઈ નામ પૂરતું નથી. ચીકુ ચીકુ જ હતી. એક અવર્ણનીય પ્રતીતિ. એને કશું નામ આપી ન શકાય.

નવાઈની વાત એ હતી કે અમારા આ અનુબંધને રચના-ગૌરવ બરાબર સમજતાં. રચનાનાં લગ્ન થઈ ગયાં હતાં. એ એક લાંબી અઘરી પ્રક્રિયા હતી. ત્યારે પણ ચીકુએ અમને હળવાં રાખ્યાં. ધીરજ ડગવા ન દીધી. રચના-ગૌરવને મારી જેટલી ચિંતા થાય તેટલી જ ચીકુની થતી. ચીકુની થોડી વધારે થતી કેમ કે એ વૃદ્ધ થઈ હતી. બોલી શકતી ન હતી, પૂરેપૂરી આધારિત હતી. પણ છતાં એ મારામાં શક્તિ પૂરી આપી શકતી હતી. અમે બંને સાથે હતાં એટલે રચના-ગૌરવ બંને માટે નિશ્ચિંત રહેતાં.

• • •



# 8

# વિદાય

ચીકુની વિદાયની ઘટના હજી તાજી છે. થોડા દિવસો પહેલાંની જ એ વાતને સમજવા માટે થોડા મહિના પાછળ જવું પડે.

અહીં આવ્યાને આ ચોથું વર્ષ હતું. ઈશ અને કીર્તિ જેવા મિત્રોના પ્રેમથી, આ ગાળામાં છૂટું છૂટું કરીને દોઢ બે વર્ષ મારી સાથે રહી ગયેલી માના ટેકથી, રચના-ગૌરવના સમજદારીભર્યા આધારથી, સંજોગો પર મહેનત કરીને તેમાંથી શ્રેષ્ઠ નિપજાવવાની કોશિશ કરવાની મારી ટેવથી અને સૌથી વધુ તો ઈશ્વરના આશીર્વાદથી બધું જ સરસ રીતે થતું હતું. જે છોડવાની જરૂર હતી, તે છૂટ્યું હતું. જે તોડવું અનિવાર્ય હતું, તે તૂટ્યું હતું અને આ બધું જિંદગીને ઘાયલ કે કુરૂપ બનાવ્યા વિના થઈ શક્યું હતું. સમયે અદભુત રીતે સાથ આપ્યો હતો.

નવેમ્બરમાં ચીકુને સત્તર વર્ષ પૂરાં થઈ અઢારમું બેઠું. એ ધીમી અને નબળી થઈ હતી પણ એની તબિયતમાં કોઈ મોટી તકલીફ ન હતી. એક લેડી ડૉક્ટરને ત્યાં હું ચીકુને નિયમિત લઈ જતી. તે તો ચીકુની ઉંમર જોતાં તેની તબિયતથી ખૂબ ખુશ હતી. મેં એને પૂછીને ચીકુને વિટામિન સપ્લીમેન્ટ આપવા માંડ્યા હતા જેનાથી તેને શક્તિ-સ્ફૂર્તિ રહેતાં.

જ્યારથી એને સોળ વર્ષ પૂરાં થયાં ત્યારથી મેં તેને એ ડૉક્ટર પાસે લઈ જવાનું બંધ કર્યું હતું. કારણ કે ચીકુ પોતાના જાણીતા વાતાવરણમાં જરા જેટલો ફેરફાર પણ સહી શકતી નહીં. તેને બારીમાં બેસી બહારની દુનિયા જોવાનું પણ ન ગમતું. કમ્પાઉન્ડમાં લઈ જઈએ તો તે એક જાતના આવેગથી ધ્રૂજવા માંડતી. ડૉક્ટરે મને કહેલું કે આવી સ્થિતિ આવશે. ત્યાર પછી તેને માટે કોઈ ઘેર આવીને તપાસી જાય તેવા ડૉક્ટરની જરૂર પડશે.

તેણે જ આવા એક વિઝિટિંગ પ્રૅક્ટિસ કરતા ડૉક્ટરનાં નામ-નંબર આપ્યાં હતાં. એ ડૉક્ટર પણ ચીકુની સ્થિતિ અને એની જે કાળજી લેવાતી તેનાથી સંતોષ પામ્યા હતા. ચીકુથી હવે ભારે દવાઓ, ઍન્ટિબાયૉટિક્સ કે વિટામિન ડ્રોપ્સ પણ સહન ન થતાં. ડૉક્ટરે કહ્યું, ‘એક નર્વ ટૉનિક છે એ માત્ર ચાલુ રાખો. તેનાથી તેના અવયવો સંતુલિત રીતે કામ કરશે અને દર ત્રણ મહિને એક ઍન્ટીવર્મ આપો જે પેટ સાફ રાખશે.’

પણ ધીરે ધીરે આ બે દવાઓ પણ તેને આકરી લાગવા માંડી. રોટલી અને દૂધ પણ ઓછાં પ્રમાણમાં લેવા લાગી. વધુ આપું તો ઊલટી થઈ જાય.

તેના સુંદર ચહેરા પર થાકનો ભાવ સ્થિર થઈ ગયો. તેની મોટી આંખો ઊંડી અને ગંભીર બની. ચમક થોડી ઝાંખી પડી. ચાલ ધીમી પડી. ક્યારેક ચાલતાં ચાલતાં સંતુલન ચાલ્યું જતું. પડી તો ન જતી પણ ફંટાઈ જતી. ઊંઘ ઊડ્યા પછી ઘણો વખત ઊભી ન થઈ શકતી. બાથરૂમ સુધી ન પહોંચી શકતી. ક્યારેક ભૂલી પણ જતી. ખાતી ઓછું અને એનો ઝાડો બંધાયેલો જ આવતો તેથી એ છાપાથી ઉપાડી લેવો સહેલો હતો. પેશાબ અને ઊલટી હાથ બગાડ્યા વિના છાપાની મદદથી સાફ કરી લેતાં મને આવડી ગયું હતું.

એટલું સારું હતું કે આ બધી તકલીફ દરમિયાન મા અહીં હતી. હું નોકરી પર જાઉં ત્યારે ચીકુને તેની હાજરીથી હૂંફ રહેતી. ચીકુથી ખૂબ ડરનારી મા હવે ચીકુની આદત, જરૂરિયાત અને તકલીફ સરસ રીતે સમજી જતી અને ઘણું ધ્યાન રાખતી. 2013ની દિવાળીમાં ચીકુના કાન સાવ ગયા હતા. ચાંદલિયાના અવાજથી પણ રમખાણ મચાવતી ચીકુ એ વર્ષે મોટા બૉમ્બધડાકા પણ સાંભળી નહોતી શકતી. એક રીતે એ સારું જ થયું, કેમ કે દિવાળી આસપાસના તેના દિવસો ડરવા – ફફડવામાં જ જતા. પ્રાણીઓના કાન આપણા કરતાં ઘણા વધારે શક્તિશાળી હોય છે. આપણને જે નાનો ફટાકો લાગે તે તેને મોટા વિસ્ફોટ જેવો સંભળાય છે. રસ્તાના કૂતરા પણ ધડાકાથી ખૂબ અસ્વસ્થ થાય છે અને ક્યાંક ભરાઈને ધ્રૂજતા રહે છે. આપણને આપણા આનંદ-ઉત્સાહ પાછળ એમનો ડર અને અવદશા સમજાતાં નથી. આસપાસની સજીવ-નિર્જીવ સૃષ્ટિને આપણી કોઈ હરકતથી હાનિ ન થવી જોઈએ એવું નૈતિક મૂલ્ય માબાપ બાળકોને કેમ સમજાવતાં નહીં હોય ?

ઘણાં બાળકો તો ગલૂડિયાની પૂંછડીમાં તડાફડી બાંધી સળગાવે છે. એ બિચારું જીવ લઈને ભાગે છે, આ ભયાનક ધડાકૂઓથી કેમ બચવું તે સમજતું નથી અને બાળકો તાળી પાડી પાડીને હસે છે.

ચીકુ નાની હતી ત્યારે અમે એને એક બગીચામાં લઈ ગયાં હતાં. રચના અને ગૌરવ પણ નાનાં હતાં. તેમણે ચીકુને લસરપટ્ટી ખવડાવવા માંડી. એક જણ ઉપરથી તેને છોડે, બીજું તેને લપસતી ઝીલી લે. આ રમતમાં ચીકુને જરા પણ મજા ન આવી. તે ખૂબ ગભરાઈ ગઈ અને પોતાને લપસી જતી અટકાવવાના પ્રયત્નોમાં તેના નખમાં લોહી નીકળ્યું. ઘેર પહોંચીને ક્યાંય સુધી ગુમસૂમ બેઠી, આ બનાવ અમે કદી ભૂલ્યાં નથી. તેનું નાનું શરીર લસરપટ્ટી પરથી લપસી આવે એ દૃશ્ય મઝાનું હતું, પણ ચીકુને માટે તો પીડાદાયક હતું. અમે શીખ્યાં કે આપણી મજા કરતાં ચીકુની શાંતિ ને કમ્ફર્ટ વધારે અગત્યનાં છે. આ ટેવ અમારા સ્વભાવમાં વણાઈ ગઈ છે. પ્રાણીને ચાહવું એટલે દરેક વસ્તુને તેની દૃષ્ટિએ વિચારતાં શીખવું. તેને આનંદમાં અને તંદુરસ્ત રાખવું. પોતાની મજા માટે એને હેરાન કરવું એનાથી મોટું પાપ કોઈ નથી. માણસ માટે પણ આ એટલું જ સાચું છે.

* * *

દિવાળી તો શાંતિપૂર્વક ગઈ, પણ ચોખ્ખું સમજાતું હતું કે આ અંતની શરૂઆત છે. ગૌરવ દર ત્રણ ચાર મહિને આવી જતો. રચના પણ અનુકૂળતા હોય ત્યારે આવી જતી. જતી વખતે બંનેની આંખોમાં ભય ડોકાતો : ફરી આવીશું ત્યારે ચીકુ હશે કે નહીં ?

હું, રચના અને ગૌરવ ત્રણે થોડાં થોડાં અલગ છીએ. પણ કોઈ મોટો નિર્ણય લેવાનો હોય ત્યારે અમારા ત્રણેના મત અજબ રીતે એક થઈ જાય છે. કોઈએ કોઈને સમજાવવાં ન પડે, ચર્ચા-દલીલો કરવાં ન પડે, લાંબી વાત પણ ન થાય અને સરળતાથી નિર્ણય લેવાઈ જાય.

માર્ચ મહિનામાં રચના-ગૌરવ માને મળવા આવ્યાં ત્યારે પણ અમે એક મોટો નિર્ણય લીધો. તે દિવસે ચીકુ દૂધ પીવા નમી અને તેનું સંતુલન ગયું. આગલા પગ પર વજન આવ્યું, કંઈક દુ:ખી ગયું. તેનું ભસવાનું તો એક વરસથી બંધ હતું. તે દિવસે તેણે આંઉ આંઉ કર્યું. તેમાં પીડા હતી. પેઈનકીલરનાં ટીપા આપી તેને શાંત કરી, સુવાડી. તેની ટેવ કબાટમાં ગાદી પર સૂવાની હતી. દિવસનો મોટો ભાગ તે ત્યાં ઊંઘી રહેતી. કબાટનું ખાનું જમીનથી છએક ઇંચ ઊંચું હતું. તેમાં ચડવા અને તેમાંથી ઊતરવામાં ચીકુને તકલીફ થતી. એક જ સ્થિતિમાં લાંબો સમય સૂએ તો પગ કે કમર દુ:ખી આવતાં. પણ ઘણી વાર પડખું બદલવાની શક્તિ તેનામાં ન રહેતી. તે 'આંઉ' કરીને બોલાવે એટલે જે પણ હાજર હોય તે જઈને પડખું બદલી આપે. આ સ્થિતિમાં પણ તે કુદરતી હાજત માટે બાથરૂમમાં જવાની ભરપૂર

કોશિશ કરતી પણ મોટે ભાગે પહોંચતી નહીં. હું સફાઈની ઘણી સામગ્રી લાવી હતી જેથી ઘર સાફ રહે. ચીકુને અઠવાડિયે એક વારના બદલે બેત્રણ અઠવાડિયે એક વાર નવડાવતી કારણ કે તે નહાતાં નહાતાં થાકી જતી. બેસી પડતી. નાહ્યા પછી કલાકો સુધી પડી રહેતી. આ જ ચીકુ થોડાં વર્ષ પહેલાં બાથરૂમમાં નળ શરૂ થાય અને હું એનો ટુવાલ લઉં ત્યાં જ નહાવાનું છે તેમ સમજી ઘરમાં ભાગંભાગ કરતી. નહાતી વખતે એટલું ખદબદ કરતી કે હું હાંફી જતી, મારા હાથ દુઃખવા આવતા. નહ્યા પછી સુકાય નહીં ત્યાં સુધી ચારે પગે આખા ઘરમાં ધસમસતી. પલંગની ચાદર, ઓશિકા પર આળોટીને કોરી થવા પ્રયત્ન કરતી. એ ચીકુ હવે ચૂપચાપ ઊભી ઊભી નાહી લે છે. વચ્ચે થાકીને બેસી પડે છે. ટુવાલ વીંટેલી સ્થિતિમાં જ થાકથી ઊંઘવા માંડે છે.

અર્થ સ્પષ્ટ હતો. ચીકુ વૃદ્ધાવસ્થાની નબળાઈઓથી ગ્રસ્ત થતી જાય છે. શરીર ખૂબ ઘસાઈ ગયું છે. ગમે ત્યારે તેનો અંત આવશે.

અંતના વિચારથી અમે હચમચી ગયાં. પણ અમે સમજતાં હતાં - અંત આવે છે. દરેક જિંદગી એક દિવસ પૂરી થાય છે. ભરપૂર જિવાયેલી જિંદગી માટે અંત એક સ્વાભાવિક ક્રમ તરીકે લેવો જોઈએ.

ચીકુ સરસ જીવી હતી. આનંદથી, તંદુરસ્તીથી લાંબું આયુષ્ય ભોગવ્યું હતું. પ્રેમ પામી હતી અને આપ્યો હતો. હવે કુદરતી ઘસારો પરાષ્ટાએ પહોંચવાનો છે ત્યારે તેને થોડા દિવસ વધુ જિવાડવા હવાતિયાં નહીં મારીએ. તેના નિર્બળ થઈ ગયેલા શરીરને ત્રાસ નહીં આપીએ. જરૂર પડશે તો તેને ઇંજેક્શન અપાવીને વેદનામાંથી છોડાવીશું.

નિર્ણય મુશ્કેલ હતો. પણ નિર્ણય લેવાયા પછી અમે હળવાં થયાં હતાં.

જોકે એનો કંઈ તાત્કાલિક અમલ કરવાનો ન હતો. ચીકુ હજી તો ખાતી--પીતી-પચાવતી હતી. ભલે થોડું, પણ હરતી ફરતી હતી. અત્યારે તો તેની કાળજી જ રાખવાની હતી. મધ અને ગ્લુકોઝ આપવાથી તેની અશક્તિ દૂર થતી હતી. ત્યાં સુધી વાંધો ન હતો.

* * *

એપ્રિલના અંતમાં મા ગઈ. ચીકુની કંપની ગઈ. હું ચીકુને ખવડાવી, દૂધ અને પાણી મૂકીને ઑફિસમાં ચાલી જતી. પાછી આવું ત્યારે ઘરમાં દૂધ ને પાણી ઢોળાયેલાં હોય, ચીકુએ બે ત્રણ જગ્યાએ બગાડ્યું હોય. એ જે જગ્યાએ વધુ હરફર કરતી તે આખી જગ્યા પર હું છાપાં પાથરી દેતી. તેનાથી જમીન ઓછી ખરડાતી છતાં આવીને પહેલું કામ મારે ચીકુને અને ઘરને સાફ કરવાનું થતું. ચીકુને સાફ કરું ને ટુવાલમાં વીંટી પલંગ પર મૂકું. એ એક ઊંઘ ખેંચે એટલી વારમાં ઘર

ધોઈ કાઢું કે બેત્રણ પોતાં મારી લૂછી કાઢું. ઘર સુકાય ત્યાં ચીકુનો આરામ થઈ ગયો હોય એટલે એને ખવડાવી દઉં. ત્યાર પછી મારું રૂટિન ચાલે.

હું થાકતી હતી, પણ મને ખબર હતી આ ચીકુની જિંદગીનો અંતિમ અધ્યાય છે. તેણે અમને ખૂબ પ્રેમ અને આનંદ આપ્યા છે. ખાસ તો રચુ-ગૌરવને ગમે તેટલી મુસીબત વચ્ચે ખુશખુશાલ રાખ્યાં છે. એ બંનેનો મારા પર પૂરો વિશ્વાસ છે કે હું ચીકુને સંભાળીશ. મારે પણ તેને બને તેટલી સાચવવી જ હતી. તેનું કામ કરવાનો મને કદી કંટાળો નથી આવ્યો. ઊલટું મારે તેને ઘણા કલાક એકલી છોડવી પડતી તેનું દુઃખ મને ખૂંચ્યા કરતું.

* * *

'હવે બસ. કાલે ડૉક્ટરને બોલાવું છું. એ સુધારો થવાની ખાતરી આપતા હોય તો સારું, નહીં તો હું તેમને કહીશ કે હવે મર્સી કિલીંગ માટેનું ઇંજેક્શન આપી દો.'

રચના : બરાબર છે. ક્લે વાત કરી નક્કી કરીએ. ચીકુને હેરાન નથી થવા દેવી.

ગૌરવ : હું કાલે જ પહોંચું છું. જે પણ થાય, મારી હાજરીમાં થાય.

આ વાત છે શુક્રવાર, 23 મે, 2014ની રાતની.

જ્યારે પ્રાણી રિબાતું હોય અને બચે તેમ ન હોય ત્યારે માનવતાના ધોરણે એવું ઇંજેક્શન આપી શકાય છે જે તકલીફ વગર તેની જિંદગીનો અંત લાવી દે. આ ઇંજેક્શનમાં બેહોશીની દવાનો મોટો ડોઝ હોય છે જેનાથી તેનું હૃદય તાત્કાલિક બંધ થઈ જાય.

ચીકુને આ ઇંજેક્શન આપવાની ઘડી આવી પહોંચી હતી.

ગુરુવારે બપોરના ભાગમાં શરૂઆત થઈ હોવી જોઈએ. સવારે રોજની જેમ ચીકુ જાગી, ખાધું-પીધું, અને ઊંઘવા માંડી. રોજની જેમ તેનું દૂધ અને પાણી મૂકી, છાપાં પાથરી હું નીકળી. લિફ્ટ સુધી ગઈ ને શંકા આવી, પંખો ચાલુ રાખ્યો છે કે નહીં. પાછું તાળું ખોલીને જોયું તો પંખો ચાલુ હતો, ચીકુ સરસ ઊંઘતી હતી.

રાત્રે નવેક વાગ્યે હું પાછી ફરી. પાડોશી બહેન કહે, 'આજે ચીકુ બહુ અવાજ કરતી હતી'. મને ફાળ પડી. અવાજ કરતી હતી એનો અર્થ એ કે તેને તકલીફ થતી હતી. ઝટપટ ઘર ખોલ્યું તો ચીકુ જમીન પર પેટભર પડેલી. ચારે પગ ચાર બાજુ ફેલાયેલા હતા. માથું ઊંચું કરી તે ઊભી થવાનો પ્રયત્ન કરતી હતી. જોર કરવામાં પેશાબ થઈ ગયો હતો. પગ અને પેટ ખરડાયેલાં હતાં.

ચીકુને પહેલાં તો સાફ કરી. એના પગમાં ચેતન ન હતું. નવડાવીને તેને મધ ચટાડ્યું. ટુવાલમાં જ ખુરશી પર મૂકી, ઘર સાફ કર્યું. ચીકુ નખાઈ ગયેલી સ્થિતિમાં સૂતી રહી હતી. તેને ખોળામાં લઈ દૂધ પાઈ જોયું. બેત્રણ ચમચી પીધું પછી ઊંઘવા

માંડી. કદાચ બેહોશી આવી જતી હતી. મેં ડૉ.ને ફોન કર્યો. તે શનિવારે સવારે આવશે તેમ નક્કી થયું.

રાત્રે એ સરસ સૂતી. મારી બાજુમાં જ સુવડાવી હતી જેથી એ હલનચલન કરે તો મને ખ્યાલ આવે. અઢી વાગ્યે એ હલી. મેં લાઇટ કરી. એણે માથું ઊંચું કર્યું હતું અને ખસવાનો પ્રયત્ન કરતી હતી. મેં તેને બાથરૂમમાં ટેકો આપી ઊભી રાખી. તેણે પીપી કરી. મેં ખવડાવ્યું. તેને ભૂખ લાગી હોય તેમ ખાધું. ફરી મધ ચટાડ્યું. સવારે નવ સુધી સારું ઊંઘી. શ્વાસ નિયમિત હતા. મોં પર શાંતિ હતી.

એ ઊઠી પછી એનું બધું પતાવી રોજની જેમ છાપાં પાથરી હું નીકળી. જવાનું મન ન હતું પણ જવું પડે તેમ હતું. નક્કી કર્યું કે બેત્રણ રજા મૂકી દઈશ.

રાત્રે થોડી વહેલી પાછી આવી. ઘરમાં જરા પણ હિલચાલ નહીં. ચીકુનો ક્યાંય અણસાર નહીં. બધા રૂમની બત્તીઓ કરી હું બહાવરાની જેમ ઘરમાં ફરી વળી. એક ખુરશીની નીચે પૂંછડી દેખાઈ. જોયું તો ચીકુ પોતાની પીપીમાં પેટભર પડી હતી. અર્ધબેહોશ. મેં હલાવી તો હલી પણ નહીં. દૂધ-પાણી એમનાં એમ હતાં. પીપી લાલ કેમ છે ? લોહી ? હું ધ્રૂજી ઊઠી. એને નવશેકા પાણીથી સાફ કરી ત્યારે ખબર પડી કે પેટભર ઘસડાતાં તે ઘરમાં થોડું ફરી હશે તેમાં પગમાં એક જગ્યાએ સરખું વાગી ગયું હતું. લોહી નીકળ્યું હતું. નાક પર સોજો હતો. એ પણ ક્યાંક અથડાયું હશે. મધ ચટાડ્યા પછી જરા સળવળી. થોડું દૂધ ચમચીથી પાયું. તે પી ગઈ અને ઊંઘી ગઈ.

સવારે ડૉક્ટર આવવાના હતા. મેં રજા પણ લઈ લીધી હતી. મન શાંત હતું. મેં નક્કી કર્યું કે ડૉક્ટર સાથે પેટછૂટી વાત કરી લેવી.

* * *

'કમજોરી હૈ, બુઢાપે કી. ઔર કુછ પ્રોબ્લેમ નહીં. મેં સલાઇન દેતા હૂં.'

ગ્લુકોઝમાં વિટામિન અને બીજી કોઈ દવા ભેળવી ડૉક્ટરે સલાઇન ચડાવ્યું. ચીકુ અર્ધબેહોશીની સ્થિતિમાં મારા ખોળામાં સૂઈ રહી. ડૉક્ટર એના પગ પર હાથ લગાવે તો તે પાછા ખેંચતી હતી. એ સિવાય ચેતનની કોઈ નિશાની ન હતી.

'આપ કો ક્યા લગતા હૈ – યે ઇમ્પ્રુવ હો પાયેગી ?' મેં ચોખ્ખું જ પૂછી લીધું.

'ચાન્સ કમ હૈ. પર તીન દિન વેઇટ કરતે હૈ. સલાઇન કા ક્યા અસર હોતા હૈ વહ ઇમ્પોર્ટન્ટ હૈ.'

અમે બંને સમજતાં હતાં કે આ વાત કઈ દિશામાં જવાની છે.

'તમે કાલે પાછા આવશો ને ?'

'હું રાત્રે પાછો બહારગામ એક લગ્નમાં જવાનો છું. સોમવારે સવારે પાછો

આવીશ. સોમવારે દસની આસપાસ આવીશ.'

'ત્યાં સુધી ?'

'આ અત્યારે સલાઇન આપ્યું તે જો અસર કરશે તો આ બેઠી થશે. ઊભી થવા પ્રયત્ન કરશે. સાંજે આટલું કરે તો હું એક નંબર આપું છું – ત્યાં વાત કરજો. મારો આસિસ્ટન્ટ કાલે આવી બીજું સલાઇન આપશે. તે પછી પણ ફરી ચાલી શકે તેવા ચાન્સ બહુ ઓછા છે.'

'ધારો કે એ બેઠી ન થઈ, તો ?'

'તો ધીરે ધીરે એ મૃત્યુમાં સરી જશે. આમ પણ સેમી-કૉમા જેવી જ સ્થિતિમાં છે.'

'ત્રણ ચાર દિવસ પછી મારે કામ પર જવું પડશે. આને હવે એકલી તો મુકાશે નહીં, અમારો વિચાર એને ઇંજેક્શન અપાવવાનો થાય છે.'

'હું સમજું છું. મને પણ એ જ બરાબર લાગે છે. પણ હું કદી સામેથી મારા ક્લાયન્ટને ઇંજેક્શન આપવાનું કહેતો નથી, તેથી બોલ્યો નહીં.'

ભારેખમ મૌનથી હવા દબાઈ રહી હતી.

ડૉક્ટરે સલાઇનની સિરિંજ કાઢી.

'જુઓ બહેન - આ સોય તેના શરીરમાં નાખી તેનું તેણે રિએક્શન આપ્યું નથી. હૃદય ધીમું પડી ગયું છે. ઇનટેક લગભગ બંધ છે. મને નથી લાગતું ઇમ્પ્રુવ થાય. પણ બે દિવસ જોઈએ છીએ, સોમવારે નક્કી કરીશું. તમારે ઘરમાં જેની સાથે વાત કરવાની હોય, કરી લેજો.'

એમના ગયા પછી મેં તેને સરખી સુવાડી. તેનું મોં જોઈ મને કંઈ કંઈ થઈ ગયું. આખરે આટલાં વર્ષનો સાથ છૂટવાની ઘડી આવી પહોંચી હતી.

ચીકુને ખોળામાં લઈ હું ક્યાંય સુધી બેસી રહી. મારો સ્પર્શ એને પહોંચતો હશે કે નહીં, પણ એનું મારા ખોળામાં હોવું મને ખૂબ સારું લાગતું હતું. લાગણીઓ-ની પહોંચ અચેતન મન સુધી હોય છે. હું ચીકુને સ્પર્શ, પ્રાર્થના, પ્રેમના વાઇબ્રેશન સતત આપતી રહી.

સલાઇન આપ્યા પછી તેની સ્થિતિમાં કોઈ ફરક ન પડ્યો. તેણે આખા દિવસમાં માંડ ત્રણચાર ચમચી જેટલું પ્રવાહી લીધું.

અડધી રાત્રે ગૌરવ આવી ગયો. ચીકુની સ્થિતિ જોઈ બોલ્યો, 'હવે નથી ખેંચવું. બે દિવસ એની સાથે રહું, મંગળવારે ઇંજેક્શન અપાવી દઈએ.' અમે રચનાને વાત કરી. રચનાએ કહ્યું, 'તમે બંને જે નક્કી કરો તેમાં મારી સંમતિ છે.'

શનિવારની રાત સારી ન ગઈ. ચીકુ અકળાતી હતી. અમળાતી હતી.

કણસતી હતી. દૂધ પીતી ન હતી. ઊંઘવાની દવાનો માઇલ્ડ ડોઝ આપ્યા પછી જરા જંપી. અમને થયું તેને પીડા થતી હોય તો મંગળવાર સુધી ખેંચવાનો પણ અર્થ નથી. રચનાને પણ રાત્રે અઢીત્રણ વાગ્યે ફોન કર્યો હતો. તેની સલાહથી જ ઊંઘવાની દવા આપી હતી.

સવારે આઠ સુધીમાં બેત્રણ વાર રચના સાથે વાત થઈ. એને આવવાનું મન થતું હતું પણ મહેમાન, ઑફિસમાં અગત્યની મિટિંગ અને વાયોલિનની પરીક્ષા બધું માથા પર હતું. આ એક જ દિવસ એની પાસે હતો. બે કલાકમાં ઊપડતી ફ્લાઇટ લે તો બપોરે આવી પહોંચે ને સાંજની ફ્લાઇટમાં પાછી ચાલી જાય. આટલી બધી દોડાદોડી આટલો બધો ખર્ચ માત્ર થોડા કલાક માટે - મારા મનમાં દ્વિધા હતી. ગૌરવ મક્કમ હતો. 'એવરીથિંગ કેન બી મૅનેજડ. રચુ, તું આવી જા. ચીકુને જોવાનો છેલ્લો ચાન્સ છે.'

અને એનો નવ વાગ્યે ફોન આવ્યો. 'ઍરપૉર્ટ જઈ રહી છું. એક વાગે ઘેર પહોંચું છું.' ધવલે એની મનસ્થિતિ જોઈ તાબડતોબ ટિકિટો બુક કરાવી આપી હતી.

મેં ઘર સાફ કર્યું, રાંધ્યું - ગૌરવ બજારમાં જઈ આવ્યો. ત્યાં રચના ઘેર આવી પહોંચી.

* * *

જમીને અમે બેઠાં. ચીકુ અમારામાંથી કોઈ એકના ખોળામાં હોય. જૂનાં આલબમ કાઢ્યાં હતાં. તેમાંથી ચીકુના ફોટા છૂટા પાડ્યા. ચીકુ નાની હતી ત્યારે મોબાઇલ વગેરે હતા નહીં. કૅમેરાથી ફોટા પાડવાના ને રોલ ધોવડાવવાના. તો પણ ઘણા ફોટા નીકળ્યા. દરેક ફોટાને એનો ઇતિહાસ હતો. જૂની વાતો યાદ કરીને ખૂબ હસ્યાં. ખૂબ આનંદ કર્યો હતો ચીકુ સાથે. ચીકુ પણ આ આનંદના, પ્રેમના નિધિથી ભરપૂર નહીં હોય ? સાર્થકતાની, કૃતજ્ઞતાની, જિંદગીના જે દેવતા હોય તેના તરફના ઋણભાવની લાગણી સાથે અમે વિદાય આપી રહ્યાં છીએ તે ચીકુને શું નહીં પહોંચતું હોય ? પહોંચતું જ હશે. પહોંચ્યું જ હશે. પ્રબળ લાગણીઓ પોતાનો માર્ગ શોધી લે જ છે.

સાંજે ભરત આવી પહોંચ્યા. રચુ-ગૌરવના પ્રયત્નોથી અમે બંને સાધારણ વાતચીતની સ્થિતિમાં તો હતાં જ. ભરત સાથે ચીકુના એક ખાસ જાતના સંબંધ હતા. ખૂબ ડર લાગે, ખાસ કરીને દિવાળીમાં - ત્યારે ભરતના ખોળામાં એ સૌથી વધારે સલામતી અનુભવતી. તેની સાથે તેના કન્સલ્ટીંગ રૂમમાં જતી અને ડાહી થઈ બેસી રહેતી. તોફાને ચડી હોય અને તે મોટા અવાજે 'નો' કહે તો સોફા નીચે ઘૂસી જતી અને થોડી વાર પછી મસ્કા મારી આવતી. કાનમાં નખ વાગે ને પાકે ત્યારે ટીપાં નખાવતી. દવા લગાવડાવતી. બેત્રણ વાર તેને તાવ આવ્યો ત્યારે ચીકુ

અમને કોઈને થરમૉમીટર મૂકવા નહોતી દેતી. ફક્ત તેના ખોળામાં શાંત થઈને તાવ માપવા દીધો હતો. હું અહીં આવી ત્યાર પછી પણ તે વચ્ચે વચ્ચે ભરત પાસે રહેવા જતી. તેના આવ્યા પછી ચીકુની અંતિમવિધિની વાત નીકળી. ગૌરવની ઇચ્છા અગ્નિસંસ્કાર કરવાની હતી. મેં સાંભળ્યું હતું કે અહીંના સ્મશાનમાં કૂતરાઓને દાટવાની વ્યવસ્થા છે.

હું રચનાને ઍરપોર્ટ મૂકવા જવાની હતી. અમે અડધી કલાક વહેલાં નીકળ્યાં અને સ્મશાને ગયાં. ત્યાંના ચોકીદાર સાથે વાત કરી. દાટવાની વ્યવસ્થા હતી.

રાત્રે ડૉક્ટરને ફોન કર્યો કે સોમવારે એટલે કે આવતી કાલે ઇંજેક્શન આપીએ. એ કહે, ‘મારે દવા મગાવવી પડશે. હું રાખતો નથી. સવારે મગાવું છું. બપોરે આવે છે.’

રાત્રે ફરી ચીકુ અસ્વસ્થ બની. તરત તેને ઊંઘવા માટે માઇલ્ડ ડોઝ આપ્યો. કલાકેકમાં તે જંપી ગઈ. ગૌરવ વારંવાર અગ્નિસંસ્કાર પર ભાર મૂકતો હતો. હું દરેક વખતે મુસ્લિમોના ને ખ્રિસ્તીઓના દાખલા આપતી હતી અને દાટવું એટલે કે મૃતદેહનું માટીમાં મળી જવું એ પણ અગ્નિસંસ્કાર જેટલો જ પવિત્ર સંસ્કાર છે તેવું સમજાવતી હતી. આખરે એ માન્યો. કહે, ‘પણ મારે સ્મશાન જોવું છે.’ તરત અમે બંને રિક્ષામાં સ્મશાન ગયાં. ચોકીદાર ઓળખી ગયો. ‘કલ લા રહે હો કુત્તે કો ?’ એના માટે તો આ રૂટિન હતું.

‘લાને મેં વક્ત લગેગા. અભી તો હમે વહ જગહ દિખાઓ.’ સ્મશાન સુઘડ અને શાંત હતું. લીલોતરી વાવેલી હતી. સ્વજનને અંતિમ નિદ્રામાં અહીં સુવડાવી જવું ગમે. પણ ચોકીદાર તો આ બધું વટાવી આગળ આગળ ચાલ્યો. સ્મશાનના પાછલા રસ્તેથી બહાર નીકળ્યો. પાછળ અમે. ઊબડખાબડ ઝાંખરાંવાળી થોડી જગા હતી. બાજુમાં ગટરના પાણીનો મોટો વહેળો ખળખળતો હતો. ‘ઈધર દફનાયેંગે’ એ બોલ્યો. કચવાઈને અમે ચૂપ રહ્યાં.

બહાર નીકળીને ગૌરવ બોલ્યો. ‘અહીં નહીં.’ મેં પણ કહ્યું. ‘હા, અહીં નહીં.’ મર્યા પછી શરીર ભલે નાશ પામવાનું હોય, પણ આમ આવી જગ્યાએ ? ઘેર આવીને અમે કામે લાગી ગયાં. ફોન ખખડાવ્યા, ઇન્ટરનેટ સર્ચ કર્યું પરેલની પારસી ઍનિમલ હૉસ્પિટલમાં પ્રાણીઓ માટે ઇલેક્ટ્રિક અગ્નિસંસ્કારની વ્યવસ્થા છે એમ ખબર પડી. એ લોકોનો સંપર્ક થતાં થતાં એક વાગી ગયો. એમણે ચાર્જ વગેરે જણાવ્યું. સમય પણ - સવારે નવ થી સાંજે ચાર.

ડૉક્ટરનો ફોન આવ્યો – ‘આપકા ડિસિઝન ફાઇનલ હૈ ? અભી આના હૈ મુજે ?’

અમે કહ્યું, ‘હવે કાલે જ કરીએ. આજે તમે આવો ક્યારે ને અમે પરેલ

પહોંચીએ ક્યારે.' પરેલમાં જ અંતિમવિધિ કરવાનું અમે નક્કી કરી લીધું હતું.

એ બેત્રણ દિવસોમાં શું રાંધ્યું - શું ખાધું કંઈ જ યાદ આવતું નથી. યાદ આવે છે મંગળવારની એ સવાર જ્યારે ગૌરવ ફૂલ લઈ આવ્યો હતો. 'આ નાની માળા અને આ ચાર ગુલાબ - આપણા ચારે તરફથી એક-એક.' અને મેં સાચવીને ફૂલો ફ્રીઝમાં મૂક્યાં હતાં. ચીકુ એની બેહોશ નિદ્રામાં હતી, પણ જીવતી હતી. અમે એના મૃતદેહ પર ચડાવવા ફૂલ લાવી રાખ્યાં હતાં. એ આ ક્ષણે જીવતી હતી એ સત્ય હતું. એ થોડા કલાક પછી જીવતી નહીં હોય તે પણ સત્ય હતું. 'મધુશાલા'ની પંક્તિઓ યાદ આવતી હતી. 'આવ્યો' કહેવા સાથે જીવ 'જવાનો' એ નક્કી થઈ જાય છે. જીવનની મધુશાલા બનતી હોય ત્યારે જ તેનું તૂટવાનું ચાલુ થઈ જાય છે.

હું - મારું આ પછીનું પગલું વૃદ્ધાવસ્થા હશે. તેના પછીનું પગલું મૃત્યુ. ચીકુએ એની ખલાસ થતી શક્તિઓનો, કામ આપતાં અટકતાં અંગોનો, ધીમે ધીમે ઘેરી લેતી જીર્ણતાનો કેવો સ્વસ્થ સ્વીકાર કર્યો હતો - આવું હું કરી શકું ? અંત આવી રહ્યો છે તેની પ્રતીતિ તેને નહીં થઈ હોય તેમ હું માનતી નથી. પણ ચીકુ એને માટે પણ જાણે તૈયાર હતી. - આવી તૈયારી મારી થઈ શકશે ખરી ? જેમ જીવ પ્રકૃતિની નજીક, તેમ તેની પ્રાકૃતિક નિયમોના પાલન માટેની તૈયારી વધારે. હું તો ઇચ્છાઓની પ્રવૃત્તિઓની માયાજાળમાં અટવાયેલો શહેરી જીવ. ચીકુ, ચીકુ, તું આ પળે મારી ગુરુ છે. જરા, જીર્ણતા, મૃત્યુના સ્વીકારની તાલીમ પોતાના જ ઉદાહરણથી આપી રહી છે. હું આ કદી ન ભૂલું. ઈશ્વરી આદેશને સહજપણે અનુસરું - આ જ મારી એ પળની પ્રાર્થના હતી. ત્યાર પછીની હરપળની આ જ પ્રાર્થના રહી છે. મારા આગ્રહો, જીદ, અહંકાર કેટલાં નકામાં છે તે સમજાઈ ગયું છે. આજે જ્યારે ચીકુનો અંત આવી ચૂક્યો છે ને હું મારા અંતના આરંભબિંદુએ આવીને ઊભી છું ત્યારે મનમાં શાંતિ છે. પહેલાં કદી નહોતી અનુભવાઈ એવી શાંતિ. આ શાંતિ પણ તારી જ દેણ છે, ચીકુ.

* * *

યથા સમયે ડૉક્ટર આવી પહોંચ્યા.

'ફાઇનલ ?'

અમે હા પાડી.

'એક કન્સેન્ટ લેટર લગેગા.'

તેમણે કહ્યું એ પ્રમાણે ગૌરવે લખી આપ્યું કે મારું ડૉગ વૃદ્ધ થઈ ગયું છે, બીમાર છે અને એના મર્સીકિલીંગ માટે મેં ડૉક્ટરને વિનંતી કરી છે.

ચીકુ મારા ખોળામાં સૂતી હતી. હું એની સાથે શું કરવાની છું તેના જરા પણ અણસાર વગર, નિશ્ચિંતતાથી.

ડૉક્ટરે સિરિંજ ભરી. ગૌરવને એનો પગ અમુક રીતે પકડી રાખવાનું કહ્યું જેથી એ નસ શોધી શકે. સોય શરીરમાં ગઈ, ચીકુએ કોઈ પ્રતિભાવ ન આપ્યો. 'બેહોશ હૈ' ડૉક્ટરે કહ્યું. 'આ સિરિંજ નીકળી જશે ત્યાં સુધીમાં એના પ્રાણ પણ નીકળી જશે.'

હું ચીકુનું માથું પંપાળતી હતી. ગૌરવના હાથમાં એનો પગ હતો. જરા વારમાં સિરિંજ કાઢી ડૉક્ટર બોલ્યા. 'ફિનીશ્ડ. મે ગૉડ બ્લેસ હર સૉલ.'

* * *

એક કોરી ખાદીની સાડી પર ચીકુને સુવાડી અમે તેના પર ફૂલ ચડાવ્યાં. અગરબત્તી કરી. ગીતાનો અધ્યાય વાંચ્યો. સવારે કોઈક કારણ ઊભું કરી મેં રડી લીધું હતું – અત્યારે ગૌરવ ભાંગી પડ્યો હતો. એ જોઈ મારામાં જાણે હિંમત આવી. હું નીચે જઈ પરેલ જવા-આવવાની ટૅક્સી નક્કી કરી લાવી. ગૌરવે ચીકુને સાડીમાં લપેટી તેડી લીધી.

ગૌરવની છાતી પર ચઢીને બેસવું એ ચીકુનું પ્રિય તોફાન હતું. અત્યારે ચીકુનું માથું ગૌરવની છાતી પર જ છે. હથેળીથી એ તેના માથાને ટેકો આપી રહ્યો છે. ટૅક્સીની બારીમાંથી આવતો પવન ચીકુની મુલાયમ રુવાંટીને ફરકાવે છે. એની અધખુલ્લી આંખ સ્થિર છે. એના ચહેરા પર શાંતિ છે. મૃત્યુમાં પણ ચીકુ ખૂબ સુંદર, ખૂબ વહાલી લાગી રહી છે. એની ગરદન પર ગૌરવની આંગળીઓ છે - એ જ આંગળીઓ જે ચીકુએ દાંત આવ્યા પહેલાં ચાવી હતી, દાંત આવ્યા પછી કરડી હતી. ગૌરવની આંખો ભીની છે. કોઈ કોઈ આંસુ સરી જાય છે. દિલ્હીથી રચનાના ફોન સતત આવ્યા કરે છે. ચીકુના ગુલાબી કાન ફિક્કા ને ઠંડા થઈ ગયા છે. શરીર હજી નરમ છે. મૃતદેહને કડક થતાં થોડા કલાકો લાગતા હોય છે.

હૉસ્પિટલ જોતાં જ આંખ અને મનને ઠંડક થાય તેવું પરિસર. ખુલ્લી, હરિયાળી વિશાળ જગ્યા. ઝાડપાન વચ્ચેથી પાતળા રસ્તાઓ ફંટાય છે. નાના નાના કૉટેજમાં જુદા જુદા વિભાગ છે. આ પરિસરમાં જ વેટરનરી કૉલેજ પણ છે.

એક ફાંટો 'ક્રિમેટોરિયમ' લખેલો છે. અમે તે તરફ વળીએ છીએ. એ જગ્યા પણ વ્યવસ્થિત અને શાંત છે. ટેવાયેલા કર્મચારીઓ મૃત પ્રાણીને અને તેને લાવનારની લાગણીઓને સમજે છે. દીવા, અગરબત્તી ને કંકુની વ્યવસ્થા છે. દીવાલો પર પ્રાણીઓનાં સુંદર ચિત્રો, તેમની ઉદાત્તતાનાં અર્થભર્યાં અવતરણો સાથે લગાડેલાં છે. અમે ચીકુને બરાબર લપેટીએ છીએ. દીવો-અગરબત્તી કરીએ છીએ. કંકુનો ચાંલ્લો કરીએ છીએ. રચુ તેને 'હેપી જર્ની..... ફરી મળીશું.' કહીને ગઈ છે. ગૌરવ તેનો ચહેરો ચૂમીને એવું જ કંઈક કહે છે. હું કહું છું 'આવજે બેટા, આનંદમાં રહેજે, જલદી પાછા મળીશું.' કર્મચારી તેને સાડીમાં જ જાળી પર મૂકે છે. હૅન્ડલ ડાઉન

કરે છે. ચીકુના દેહ સહિત જાળી એક બૉક્સમાં ચાલી જાય છે.

પાંચ મિનિટ પછી એક છાપામાં કર્મચારી ચીકુના અસ્થિ લાવી આપે છે. ખૂબ ગરમ છે. કાળી રાખ વચ્ચે રાખોડી નાનાં હાડકાં દેખાય છે.

અમે સાચવીને એને ઘરે લાવીએ છીએ.

* * *

ચીકુની કહાણી શું પૂરી થઈ ગઈ છે ?

હા, અને ના.

એ શરીરથી અમારી વચ્ચે નથી, પણ અમે તેને અમારા અસ્તિત્વમાં સતત મહેસૂસ કરી રહ્યાં છીએ. આનંદ, ઉત્સાહ અને સ્ફૂર્તિના અખૂટ ઝરણા જેવી, સુખને વધારી દેતી અને દુઃખને હળવું કરી નાખતી ચીકુ અમારી ચેતનાનો એક ભાગ બની ગઈ છે, અમારા લોહીમાં ભળી ગઈ છે, અમારી જિંદગીને એક અલગ પરિમાણ આપી ગઈ છે.

ચીકુની વિદાય પછી ગૌરવે લખ્યુ, ‘વિથ લોટ્સ ઑફ કિસીસ ઍન્ડ સી યુ સુન વિશીઝ વી સેઇડ હર ગુડ બાય’. જવાબમાં રચનાએ લખ્યું, ‘જિંદગી પૂરી થાય છે, પ્રેમ નહીં. મને વિશ્વાસ છે ચીકુ આપણને ફરી મળશે, જલદી મળશે.’ આવતા કે ગયા જન્મની વાતને હું જરા શંકાથી જોઉં છું, પણ લાગે છે કે જે રીતે ચીકુ અમને મળી, અમારી સાથે આટલું રહી, આટલું સરસ રીતે રહી; જે અખૂટ આનંદ, જે શાશ્વત પ્રેમમાં અમે બધાં વર્ષો સુધી ભીંજાયાં એ કંઈ અચાનક શરૂ થઈ જનારી કે અચાનક પૂરી થઈ જાય તેવી બાબત તો ન હોઈ શકે. એનું પહેલાં પણ, ને પછી પણ ક્યાંક કોઈક જોડાણ જરૂર છે.

દરેક મનુષ્યની જેમ અમારી પાસે પણ હતો અમારા હિસ્સાનો સંઘર્ષ. ચીકુએ શીખવ્યું કે સંઘર્ષ અને સમસ્યાઓ વચ્ચે પણ આનંદથી ઝગમગતી ક્ષણો મેળવી શકાય છે. યાદ આવે છે, અમારી તેના માટેની પ્રતીક્ષા, તેનું પહેલવહેલું ઝીણકું ‘કાંઉ’, તેનું ઘરમાં આગમન, તેનાં મસ્તીતોફાન અને કલ્લોલથી અસ્તિત્વમાં છલકાઈ જતી આનંદની ઊર્જા, પ્રેમ આપવા અને મેળવવાની તેની ખાસ રીત, તેના સુંદર નાનકડા શરીરની અનંત ઊછળકૂદ, નિર્દોષ-પારદર્શક અને ઘણુંબધું કહેતી--સમજતી ચમકતી આંખો, દરેક પરિસ્થિતિમાં તોફાન શોધી લેતી તેની ચંચળતા અને વૃદ્ધત્વ-બીમારી અને મૃત્યુનો પણ સહજ સ્વીકાર. ચીકુની હાજરીમાત્ર પ્રેમ, મૈત્રી અને પ્રસન્નતાનું વાતાવરણ રચી આપતી. આવું વાતાવરણ માણસ પણ ધારે તો પોતાની આસપાસ રચી આપી શકે. પણ તેમ થતું નથી કારણ કે માણસ માટે એ ઘણું મુશ્કેલ છે. માણસ તરીકે જીવતા જીવતા ક્રમશઃ તે પ્રાકૃતિક અંતઃસ્ફુરણાથી દૂર ને દૂર નીકળતો જાય છે. વહાલસોયાં નાનકડાં પ્રાણીઓ-પંખીઓ ખૂબ

સહજપણે આ બધું કરે છે. તેમની નજીક રહેવાથી આપણે માણસો ‘ટોટલ ફન ઍન્ડ લોટ્સ ઑફ લર્નિંગ’ના વિશ્વમાં પ્રવેશવાનું સદભાગ્ય પામી શકીએ છીએ. એટલું જ નહીં, આપણે આપણી જાતની, જિંદગીની, આપણા સર્જનહારની પણ વધુ નજીક જવા જેટલી લાયકાત મેળવીએ છીએ.

ચીકુ સાથેની જિંદગીએ અમને જિંદગીને અલગ રીતે જોતાં શીખવ્યું. એ પણ શીખવ્યું કે પ્રેમપૂર્વક અંતિમ વિદાય આપવી એ પણ પ્રેમનું જ એક રૂપ છે. કોઈ શું કહેશે એવા અંદેશાથી કે પછી એક વ્યર્થ મોહથી આપણે રિબાતા સ્વજનને જવા નથી દેતા ને વધુ દુ:ખ આપીએ છીએ, આપણે પોતે પણ વધુ દુ:ખ ભોગવીએ છીએ તેવું બને છે. તૂટું તૂટું થતા ફળને પરાણે ઝાડ સાથે જોડી રાખવાના આવાં ફાંફાં જિંદગીની, સંબંધોની અને મૃત્યુની ગરિમા પર એક પ્રશ્નચિહ્ન નથી લગાવી જતાં ? મને લાગે છે કે સાચો, ઊંડો, અન્ય બાબતોથી ન ખરડાયેલો પ્રેમ આપણને અંતિમ વિદાયના અટલ સત્યની મુખોમુખ થતાં જરૂર શીખવે. જનારને તે શાંતિથી જઈ શકે તેવું વાતાવરણ આપવું તે પણ એક કરવા જેવું કામ નથી શું ?

હા, ચીકુ નથી. પણ એક શ્રદ્ધા છે. એક એવી પ્રતીતિ કે ક્યાંક, ક્યારેક, કોઈક રૂપમાં અમે જરૂર મળીશું, મઝા કરીશું, વહાલ કરીશું. યાદ આવે છે ચીકુના બાળપણની એક વાત, ત્યારે તે ગૌરવને બહુ કરડતી. ઊછળી ઊછળીને કરડવા દોડતી. ગૌરવ બૉર્ડની પરીક્ષા આપવાનો હતો. મેં પૂછ્યું, ‘તારે શું થવું છે ?’ એ કહે, ‘મારે ચીકુ થવું છે. બસ આખો દિવસ કૂદકા મારવાના ને બટકા ભરવાના. ને ચીકુ થશે ગૌરવ. ચીકુ, હું તને ખૂબ કરડીશ...’ અમે ખૂબ હસ્યાં હતાં. અને યાદ આવે છે ચીકુ ગયા પછીની રચનાની વાત. મેં કહ્યું, ‘ઘર અને મન ખાલી ખાલી લાગે છે.’ ત્યારે તેણે કહ્યું, ‘જોજે, ચીકુ આપણા જ ઘરમાં પાછી આવશે.’ પછી ઊમેર્યું, ‘ત્યાં સુધી અમે બે છીએ ને તારાં ચીકુ.’

ચીકુ ઘરમાં જ છે. રહેશે. આખરે એનું અસ્તિત્વ એટલે સદાબહાર આનંદ અને શાશ્વત પ્રેમનું એક ઉત્સ્ફુર્ત ઝરણું. એને ઘરમાં રાખવી એ અમારા જ હાથમાં છે, અમારા જ હાથમાં.


● ● ●

# લેખિકાની અન્ય કૃતિઓ

| | | |
|---|---|---|
| કાવ્યસંગ્રહ | : | નિશાન્ત |
| | | ઊઘડતી દિશાઓ |
| જૂનાં ફિલ્મી ગીતો પરના લેખોનો સંચય | : | છૂ કર મેરે મન કો |
| અનુવાદ/સંક્ષેપ | : | સેવાગ્રામ સે શોધગ્રામ |
| | | ઊઘડ્યાં દ્વાર અંતરનાં |
| | | હૈયાનો હરખ |
| | | મોતીની માળા |
| | | આશાના અંકુર |
| | | લાગણીઓનો સંવાદ |
| | | આત્માનું અમૃત |
| | | સ્નેહનું સૌંદર્ય |
| | | સાગરપંખી |
| | | વય મુક્ત શરીર, સમયમુક્ત મન (પ્રેસમાં) |
| વિચારવલોણું પુસ્તિકા | : | ભીતરનું સામર્થ્ય |
| | | ક્ષિતિજની ધાર પર |
| | | કૅપ્ટન લક્ષ્મી સહગલ |
| પરિચય પુસ્તિકા | : | પત્રકારત્વની પાઠશાળા |
| | | ભારતીય વિદ્યાભવન |
| | | લોકમિલાપ : પુણ્યનો વેપાર (પ્રેસમાં) |

સોનલ પરીખની કલમ બહુ સાહજિકતાથી અનેક ક્ષેત્રોમાં વિહરે છે. કાવ્યો, ફિલ્મી ગીતોનું વિવરણ અને રસાસ્વાદ, સમાજના સાંપ્રત પ્રવાહોનું નિરીક્ષણ અને વિવેચન, મૌલિક વિચારોનું લોકભોગ્ય આલેખન – અને હવે તો લઘુનવલ અને નવલકથાના પડકારો પણ ઝીલવાની વૃત્તિ! આ બધું જોતાં એમની પાસેથી 'ચીકુ' જેવી સાદ્યંત રસાળ કિશોરાવસ્થાને આકર્ષતી પ્રાણીકથા – ખરેખર તો કુટુંબકથા મળે એમાં મને સહેજે નવાઈ નથી લાગતી. અનુભવાય છે માત્ર આનંદ !

– ધીરુબહેન પટેલ





ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન